CMYK

Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૩૫
તા.૧૨-૦૩-૨૦૧૮, સોમવાર
સંવત ૨૦૭૪ ફાગણ વદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૬  સૂર્યાસ્ત : ૦૬:૪૭

તાપમાન: ડીસા ૩૬.૪ | અમદાવાદ ૩૬.૫ | ગાંધીનગર ૩૫.૮ | વડોદરા ૩૭.૨ | સુરત ૩૬.૦ | નલિયા ૩૨.૬

ચાંદી : ૩૯,૦૦૦  સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2018-20  RNI No 20508/71  Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ  પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭  જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# રાજયમાં આજથી ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

## ધોરણ-૧૦માં કુલ ૧૧૦૩૬૭૪ વિદ્યાર્થી અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૪૭૬૬૩૪ વિદ્યાર્થીઓ નોંધાયા : તમામ સેન્ટરો પર સઘન વ્યવસ્થા ગોઠવાઈ

અમદાવાદ

આવતીકાલથી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ શરૂ થઇ રહી છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં સહેજ ચિંતા અને ગભરાહટની લાગણી સાથે ઉત્તેજનાનો માહોલ પ્રવર્તી રહ્યો છે. બીજીબાજુ, બોર્ડ, રાજય સરકાર સહિત જિલ્લા વહીવટી તંત્રએ શાંતિપૂર્ણ રીતે પરીક્ષાઓ યોજાય તેની તમામ તૈયારીઓ કરી રાખી છે. બોર્ડના તમામ સેન્ટર એવી શાળાઓ પર ચુસ્ત સુરક્ષા બંદોબસ્તથી માંડીને નીરીક્ષક સુધીની વ્યવસ્થા પણ કરી દેવાઇ છે. તો, અમદાવાદ શહેર સહિત રાજયની શાળાઓ દ્વારા પણ વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાને લઇ ખાસ આયોજનો કર્યા છે. ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં સમગ્ર રાજયમાંથી કુલ મળી ૧૭.૧૪ લાખ નોંધાયા છે. બોર્ડની પરીક્ષા માટે પસંદ કરાયેલી મોટાભાગના સેન્ટરો પર સીસીટીવીથી સજ્જ કરાયા છે, જે સેન્ટરો પર સીસીટીવી શકય નથી બન્યા ત્યાં ટેબલેટથી વિદ્યાર્થીઓ અને પરીક્ષા પ્રક્રિયા પર નજર રાખવામાં આવશે. બોર્ડની પરીક્ષાની રિસીપ્ટનું વિતરણ થઇ ગયું હોઇ બોર્ડ દ્વારા કરાયેલી વ્યવસ્થા મુજબ, વિદ્યાર્થીઓ અને વાલીઓ આજે તેમના વિદ્યાર્થીનો જે શાળામાં નંબર આવ્યો હતો, તે શાળા અને બેઠક વ્યવસ્થા માટે જોવા ખૂબ મોટી સંખ્યામાં ઉમટયા હતા. અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારની જે તમામ સ્કૂલો કે જેમાં બોર્ડની પરીક્ષા માટેનું સેન્ટર અપાયું છે તે શાળામાં બપોરના ૧૨થી સાંજના ૪ વાગ્યા સુધી બેઠક વ્યવસ્થા જોવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વિચાર વૈભવ...

### ભગવાનની કાબેલિયત

એક ચર્ચની પાછળ આવેલ આસોપાલવ જેવા એક પાતળા ઊંચા ઝાડ પર બિલાડીનું સાવ નાનકડું બચ્ચું ચડી ગયું હતું. ચર્ચના પાદરી તેમજ એમનો મદદનીશ માણસ એને ઉતારવાની કોશિશ કરી રહ્યા હતા. પરંતુ એમની કોશિશથી ગભરાઈ ગયેલું બચ્ચું વધારે ઊંચે ચડી જતું હતું. અચાનક પાદરીને એક વિચાર આવ્યો. ઝાડની સહેજ ઊંચેની ડાળી સાથે એક દોરી બાંધીને એનો બીજો છેડો એમણે જીપના બમ્પર સાથે બાંધ્યો. પછી એમણે એમના મદદનીશને જીપ ધીમે ધીમે પાછળ લેવાનું કહ્યું. ઝાડ સારૂં એવું નમી જાય તો પોતે એ બચ્ચાને પકડી લે એવો એમનો વિચાર હતો.

પાદરી નમી રહેતા ઝાડ પાસે ઊભા રહ્યા. એમનો મદદનીશ ધીમે ધીમે જીપને પાછળ લેતો જતો હતો. ઝાડની ટોચ હવે પાદરીથી ત્રણેક ફૂટ જ દૂર રહી હતી. ઝાડ થોડુંક જ વધારે નમે તો બિલાડીનું બચ્ચું એમના હાથમાં આવી જાય તેમ હતું.

અચાનક જીપના બમ્પર સાથે બાંધેલી દોરી તૂટી! ગોફણમાંથી ગોળો છૂટે એમ પેલું બચ્ચું ઊડીને બાજુના ઘર ઉપર થઈને કયાંક દૂર ફેંકાઈ ગયું. પાદરી અને એમના મદદનીશે આજુબાજુમાં ઘણી શોધખોળ કરી, પરંતુ એનો કયાંય પત્તો લાગ્યો નહીં. અંતે સાંજ પડતા પાદરીએ પ્રયત્નો પડતા મૂકયા અને જેણે બનાવ્યું હતું એ ભગવાનને જ એની કાળજી લેવા પ્રાર્થના કરી. બેચાર દિવસ પછી ઘરવપરાશની થોડી ચીજો ખરીદવા માટે પાદરી બાજુના ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં ગયા. અચાનક એમનો ભેટો એક મહિલા જોડે થઈ ગયો. એ મહિલા એની બિલાડીઓ તરફની નફરત માટે આખા વિસ્તારમાં જાણીતી હતી. બિલાડીઓના નામથી પણ એને સૂગ હતી. ફાધરને નવાઈ એ વાતની લાગી કે એ મહિલા બિલાડીઓ માટેનો ખોરાક (કેટ ફૂડ) ખરીદી રહી હતી. ફાધરે આશ્ચર્ય સાથે એને આ ફેરફારનું કારણ પૂછ્યું. ‘ફાધર! તમે ખરેખર મારી વાત નહીં માનો!’ એ સ્ત્રીએ વાત શરૂ કરી, ‘તમને તો ખબર જ છે કે મને બિલાડીના નામથી પણ નફરત છે. બરાબર! અને આજે હું આ બિલાડીઓ માટેનો ખોરાક ખરીદી રહી છું એની તમને નવાઈ પણ લાગતી હશે, ખરૂં?

ફાધરે માથું હલાવીને હા પાડી. પરંતુ ફાધર હકીકત એવી જ કંઈક બની છે કે તમે કદાચ નહીં માનો! મારી નાની દીકરી રોજ જીદ કરતી કે હું એને એક બિલાડી પાળવા દઉં. હું કાયમ એને ના પાડું. પરંતુ એ દીકરીને પ્રાણીઓ માટે અનહદ પ્રેમ છે. ચારેક દિવસ પહેલાં એણે બિલાડી લાવવાની ખૂબ જ જીદ કરી. મારી ના સાંભળીને એ ખૂબ જ રડી. એટલું રડી કે મને પણ દયા આવી ગઈ. એટલે એને સમજાવવા માટે મેં કહ્યું કે અમે તો બિલાડી નહીં લાવી દઈએ, પરંતુ ભગવાન જો આકાશમાંથી એને એકાદ એવું બચ્ચું આપે તો એ જરૂર રાખી શકશે! એ દીકરીને મારા જવાબથી ખૂબ સંતોષ થયો હોય એવું મને લાગ્યું. મારી નજર સામે જ એ બગીચાની લોનમાં બેસી ગઈ અને આકાશ તરફ મોં કરીને બોલી કે, ‘હે ભગવાન! મારા માટે બિલાડીનું એક નાનકડું બચ્ચું મોકલી આપ! હું એને ખૂબ જ પ્રેમ કરીશ અને એનું ધ્યાન રાખીશ. આમીન!’ અને ફાધર! તમે ખરેખર નહીં માનો! બરાબર એ જ વખતે મારી દીકરીની સામે પડેલા ઘાસના ઢગલામાં બિલાડીનું એક બચ્ચું આકાશમાંથી આવીને પડ્યું બોલો! અને આજ ચાર દિવસથી એ અમારા ઘરનું સભ્ય બની ગયું છે!’ એ સ્ત્રીએ વાત પૂરી કરી. ચાર દિવસ પછી પણ એનું આશ્ચર્ય ન શમ્યું હોય એવા ભાવ સાથે એ સ્ત્રી ત્યાંથી વિદાય થઈ.

પણ ફાધર ભગવાનની યોગ્ય સમયે પ્રાર્થનાનો જવાબ આપવાની કાબેલિયતને બિરદાવતા ખાસ્સી વાર સુધી ત્યાં જ ઊભા રહ્યા.

ડો.આઈ.કે.વીજળીવાળા

## સંપૂર્ણ લોન માફી સહિતની શ્રેણીબદ્ધ માંગણી

# વિધાન ભવન ઘેરવા ૩૦૦૦૦ ખેડૂતો મુંબઈમાં : સઘન સુરક્ષા

મુંબઈ

સંપૂર્ણ લોન માફી સહિતની જુદી જુદી માંગણીઓને લઈને ૩૦૦૦૦થી પણ વધુ ખેડૂતો મુંબઈ પહોંચી ચુક્યા છે. આ ખેડૂતો આવતીકાલે વિધાનભવનો ઘેરાવ કરવાના મૂડમાં છે. વધતી જતી ગરમીની ચિંતા કર્યા વગર આ ખેડૂતો શ્રેણીબદ્ધ માંગણીઓને લઈને પહોંચ્યા છે. સિયોનમાં સોમૈયા મેદાન ખાતે આ તમામ ખેડૂતો એકત્રિત થશે જ્યાંથી તેઓ પોતાના ભાવિ કાર્યક્રમોની જાહેરાત કરશે. લોન માફી સહિતની જુદી જુદી માંગણીઓને લઈને ખેડૂતો આક્રમક દેખાઈ રહ્યા છે. મહારાષ્ટ્ર સરકાર ઉપર દબાણ વધારવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. આવતીકાલે સોમવારના દિવસે ખેડૂતો દક્ષિણ મુંબઈમાં પહોંચશે અને રાજ્ય વિધાનસભાનો ઘેરાવ કરશે. તેમની જે માંગણીઓ રહેલી છે તેમાં સંપૂર્ણ લોન માફી, કૃષિ પેદાશો માટે વાજબી ભાવ અને સ્વામીનાથન કમિશનની ભલામણોને અમલી બનાવવાની બાબતનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રમાં હાલમાં વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે ત્યારે આ પ્રકારની માંગણી કરીને સરકાર ઉપર દબાણ લાવવામાં આવનાર છે. ઓલ ઈન્ડિયા કિસાન સભાના દેખાવને લઈને દેવેન્દ્ર ફડનવીસ સરકાર ઉપર દબાણ વધી ગયું છે.

# રાજ્યસભા ચૂંટણી : રૂપાલા તેમજ માંડવિયા આજે ફોર્મ ભરશે

### રૂપાણી, નીતિન પટેલ, અન્યો ઉપસ્થિત રહેશે

અમદાવાદ

રાજ્યસભા ચૂંટણીને લઈને ભાજપ તરફથી બે કેન્દ્રીયમંત્રી પુરુષોત્તમ રુપાલા અને મનસુખ માંડવિયા આવતીકાલે અરજીપત્ર દાખલ કરનાર છે. ૧૨મી માર્ચનો દિવસ રાજ્યસભાની ચૂંટણી માટે અરજીપત્ર દાખલ કરવાની અંતિમ દિવસ છે. બંને ઉમેદવાર મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, અન્ય પ્રધાનો, ધારાસભ્યો અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં વિધાન સભા સચિવાલયમાં અરજીપત્ર દાખલ કરશે. ભાજપ હાઈકમાન્ડે ગુજરાતમાંથી રાજ્યસભા માટે બે કેન્દ્રીયમંત્રી પુરુષોત્તમ રુપાલા અને મનસુખ માંડવિયાને પાર્ટીના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. બીજી બાજુ કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીને ગુજરાતના બદલે ઉત્તરપ્રદેશમાંથી ઉમેદવાર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બીજી બાજુ ચોથા સાંસદ શંકર વેગડને આ વખતે પાર્ટીએ પોતાના ઉમેદવાર બનાવ્યા નથી. ગુજરાતમાંથી ભાજપના રાજ્યસભાના ચાર સભ્યોની અવધિ બીજી એપ્રિલના દિવસે પુરી થઈ રહી છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં વિધાન સભા ચૂંટણીમાં કોંગ્રેસની સ્થિતિ સારી થયા બાદ ભાજપના ખાતામાં માત્ર બે જ સીટો આવશે. બીજી બાજુ અન્ય બે સીટો પર કોંગ્રેસને તક મળશે. કોંગ્રેસે વિધાનસભાની ચૂંટણીમાં સારો દેખાવ કરીને પોતાની સંખ્યા ૭૭ સુધી વધારી છે જ્યારે ભાજપની સંખ્યા ૯૯ સુધી મર્યાદિત થઈ છે.

## ડીસામાં ભાજપ અને કોંગ્રેસએ પ્રમુખ માટે ઉમેદવારી નોંધાવી

ડીસા

ડીસા તાલુકાના પ્રમુખ ઉપ પ્રમુખમાટે આજે ચૂંટણી યોજાનાર છે ત્યારે ગતરોજ રવિવારે ઉમેદવારી પત્ર ભરવાનો દિવસ હતો જે સમયે ભાજપ અને કોંગ્રેસ ના ઉમેદવારો એ ફોર્મ ભર્યા હતા.જેમાં તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ભાજપ માંથી પરમાર ઉકાજી ધર્માજી અને ઉપ પ્રમુખ તરીકે સોલંકી રૂપસીભાઈ નધાજી એ ઉમેદવારીપત્ર નોંધાવી હતી. જ્યારે કોંગ્રેસ માંથી પ્રમુખ

અનુસંધાન પાના નં.૬

# લાખણીમાં કોંગ્રેસમાંથી ઉ.પ્ર.નું ફોર્મ ભરનાર સભ્ય પાસે ભાજપે પ્રમુખનું ફોર્મ ભરાવ્યુ

### બંને પક્ષના ૧૧ - ૧૧ સભ્યો હોવાથી કોંગ્રેસના સભ્યો પાસે ભાજપે પ્રમુખનું ફોર્મ ભરાવતા રાજકીય ગરમાવો ચરમસીમાએ

લાખણી

લાખણી તાલુકાની તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી ૧૨ માર્ચે જાહેર કરવામાં આવી છે. તેના ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષમાંથી ત્રણ સભ્યોએ પ્રમુખ પદની દાવેદારી નોંધાવી હતી. જયારે ચાર સભ્યો ઉપ પ્રમુખની દાવેદારી નોંધાવી હતી. જેમાં ફોર્મ ભરવાનો સમય પૂરો થવાની ગણતરીના સમયમાં કોંગ્રેસમાંથી



ઉપપ્રમુખ તરીકેની ઉમેદવારી નોંધાવેલ સભ્ય પાસે જ ભાજપના કાર્યકરો દ્વારા ભાજપમાંથી પ્રમુખ તરીકેની ઉમેદવારી કરાવાતાં કોંગ્રેસમાં રાજકીય ભૂકંપ સર્જાયો હતો.

બનાસકાંઠા જિલ્લાના નવરચિત લાખણી તાલુકાને સ્વતંત્ર થયા પછી તાલુકા પંચાયતની પ્રથમ ચૂંટણી યોજાઇ હતી. જેમાં તાલુકા પંચાયત સદસ્યની કુલ ૨૨ સીટોમાંથી બંને પક્ષે

અનુસંધાન પાના નં.૬

### પ્રમુખપદ માટે ત્રણ તથા ઉપપ્રમુખ પદ માટે ચાર ફોર્મ ભરાયા હતા

લાખણી તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીની કશ્મકશ એટલી હદે હતી કે ભાજપમાંથી પ્રમુખપદ માટે બે ઉમેદવાર તથા ઉપપ્રમુખ પદ માટે બે ઉમેદવારે ફોર્મ ભર્યા હતા જ્યારે કોંગ્રેસમાંથી પ્રમુખપદ માટે એક તથા ઉપપ્રમુખ પદ માટે બે ઉમેદવારે ફોર્મ ભર્યા હતા. જેમાંથી છેલ્લા સમયે પ્રમુખપદ માટે બંને પક્ષમાંથી એક - એક તથા ઉપપ્રમુખ પદ માટે બંને પક્ષમાંથી એક - એક ઉમેદવાર રહેતા અને બીજા ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચાતાં ચિત્ર સ્પષ્ટ બન્યું હતું .

### કોંગ્રેસ તેના જૂના કાર્યકરોને સાચવી શકતી નથી

કોંગ્રેસ પક્ષ હંમેશા તેમના જૂના કાર્યકરોને નજર અંદાજ કરે છે અને તેમની સાથે ભેદભાવ વાળું વર્તન કરે છે. તેના લીધે જૂના અને અનુભવી કાર્યકરો કોંગ્રેસથી નારાજ થઈ ભાજપનો હાથ પકડે છે.

- બાબરા ભાઈ પટેલ
(શિક્ષણ સમીતી ચેરમેન બનાસકાંઠા)

### લોકશાહીમાં લોકોના મત રૂપિયાથી ખરીદવાનો ભાજપનો ધંધો છે

ભાજપ સરકાર તેમને સત્તાના જોરે માત્રને માત્ર લોકોને ખરીદવાનો ધંધો કરે છે અને ભાજપે અમારા સભ્ય ને પૈસા અને પ્રમુખ પદ આપી તેમને ખરીદવાનો ધંધો ભાજપે કર્યો છે. આમ ભાજપ લોકશાહીમાં લોકોના મત રૂપિયાથી ખરીદે છે .

- શ્રવણભાઈ દવે (જિલ્લા કોંગ્રેસ મંત્રી)

# બ.કાં. જિલ્લામાં એસ.એસ.સી. માં ૬૦ હજાર, એચ.એસ.સી.માં ૨૮ હજાર છાત્રો પરીક્ષા આપશે

તા.પ્રતિ. થરા,પાલનપુર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે તા.૧૨/૩/૨૦૧૮ ને સોમવારથી ધો.૧૦ એસ.એસ.સી. અને ધો.૧૨ એચ.એસ.સી. સા.પ્ર.વિ.પ્ર.ઉ.બુ.પ્રવાહની પરીક્ષાનો શુભારંભ થશે. પરીક્ષાર્થીઓ નિર્ભય પણે પરીક્ષા આપે ને સારૂ પરિણામ મેળવે તેવા બોર્ડ તરફથી પ્રયાસ થઈ રહ્યા છે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર દિલીપ રાણા, જિલ્લા પોલીસવડા નિરજ બડગુર્જર જિલ્લા શિક્ષણાધિકારી હર્ષદભાઈ એલ.રાવલ, દ્વારા એક્શનપ્લાન બનાવી ધો.૧૦ એસ.એસ.સી. અને ધો.૧૨ એચ.એસ.સી. સામાન્ય વિજ્ઞાન પ્રવાહના ત્રણ અને બે ઝોનમાં કુલ ૮૮ પરીક્ષા કેન્દ્ર પરથી ૮૭,૪૪૦ પરીક્ષાઓ શાંત નિર્ભય વાતાવરણમાં પરિક્ષા આપે તેવું આયોજન થયું છે.



યશપાલસિંહ ટી.વાઘેલા, સંજય જોષી

જિલ્લા શિક્ષણાધિકારી હર્ષદભાઈ એલ.રાવલના જણાવ્યા મુજબ વહીવટી સરળતા માટે ધો .૧૦ એસ.એસ.સી.ના ત્રણ ઝોન પાલનપુર - ડીસા દિયોદર અને ધો.૧૨ એસ.એસ.સી. સામાન્ય વિજ્ઞાન પ્રવાહમાં બેઝોન પાલનપુર ડીસાના સંચાલન હેઠળ પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા સમય દરમિયાન વીજ પુરવઠો જળવાય અને વિદ્યાર્થીઓને આવવા જવામા તકલીફ ન પડે તે માટે સમયસર એસ.ટી. બસ સેવાનું આયોજન કરેલ છે. ધો.૧૦ એસ.એસ.સી.માં

અનુસંધાન પાના નં.૬

## ભાજપ શાસિત પાલનપુર પાલિકાની ઘોર નઘરોળતા વચ્ચે

# પાલનપુરમાં રહીશોની ગાંધીગીરીઃ જાતે જ રોડના ખાડા પુરી અનોખો વિરોધ જતાવ્યો

### ૧૫ દિવસમાં રોડ નહીં બને તો આંદોલનની ચીમકી : સ્થાનિક નગરસેવકોએ હાથ અધ્ધર કરી દેતા રહીશોએ કરવી પડી ગાંધીગીરી

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની ઘોર નિષ્ક્રિયતાને પગલે પાલનપુર વાસીઓએ હવે ગાંધીગીરી કરી પાલિકાના શાસકો નો કાન આમળવાનો પ્રયાસ કર્યો હતો. પાલનપુરના દિલ્હીગેટથી બિજેશ્વર કોલોની સુધીના બિસ્માર માર્ગ અંગે અવાર નવાર રજુઆત કરવા છતા પાલિકા દ્વારા કોઇ કામગીરી આવી નથી. ત્યારે ગતરોજ સ્થાનિક રહીશોએ રસ્તા ઉપર પડેલા ખાડા પુરી ગાંધીગીરી કરી હતી. અને આગામી પંદર



સંજય જોષી

દિવસમાં રોડ નહી બનાવવામાં આવેતો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી હતી.

વિકાસના નામે રોડ બનાવી કટકી કમિશનમાં રત રહી વિવાદોના વમળમાં રહેતી ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના રાજમાં શહેરના દિલ્હીગેટથી બિજેશ્વર કોલોનીનો માર્ગ છેલ્લા કેટલાક સમયથી બિસ્માર હાલતમાં છે.

અનુસંધાન પાના નં.૬




CMYK

સૂર્યોદય - ૭.૫૬ સૂર્યાસ્ત - ૬.૪૭

## તિથિદર્શન

ફાગણ વદ ૧૦ સોમવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ફાગણ વદ : દશમ સોમવાર નક્ષત્ર: પૂર્વષાઢા સવારે ૯.૩૪ પછી ઉત્તર ષાઢા યોગ :વરીયાન કરણ :બવ આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.) સાંજે ૪.૨૦ પછી મકર (ખ.જ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### સેવિતવ્યો મહાવૃક્ષ : ફલચ્છાયા સમન્વિતઃ યદિ દેવાત્ફલં નાસ્તિ ચ્છાયા કેન નિવાર્યતે

'ફળ પામવાની ઈચ્છાવૃત્તિથી મોટા વૃક્ષને સેવવું જોઈએ, સેવા કરવી જોઈએ. જો સદ્નસીબ હોય તો એ સેવાનાં ફળ મળે છે અને જો ફળ પ્રાપ્ત ન થાય તો પણ એ મહાવૃક્ષનો છાંયડો તો મળે જ છે ને?'

સચિવશ્રીઓના પીએ અને પ્રધાનશ્રીના કાર્યાલયમાં કામ કરતો કોઈ પણ નાનામાં નાનો માણસ પણ કોઈ સાથે રૂબરૂ કે ફોનમાં વાત કરતો હોય ત્યારે 'પ્રધાનશ્રીના કાર્યલાયમાંથી બોલું છું' કહે, પ્રધાનશ્રી જ બોલતા હોય એવા રણકારથી જ વાત કરતા હોય છે. આવા વટવૃક્ષની છાયામાં જ રહેવું જોઈએ. મોટા માણસ પછી એ ધનિક હોય, મોટા સંત હોય, તેમની નિશ્રામાં રહેવાથી તેમની 'નામના' નો છાંયડો- લાભ તો મળે છે પણ ક્યારેક નસીબ હોય તો સારી- મોટી તક પણ મળી જાય છે. મોટા સંત- મહાત્માના શિષ્યો પણ પૂજાય છે. પ્રધાનશ્રીની સાથે મુલાકાત ગોઠવી આપવા પીએ, પટાવાળાનું પણ ખાસ મહત્વ હોય છે. તેથી જ અહીં કહ્યું છે, મહાવૃક્ષનો આશ્રય કરવો. નસીબે 'ફળ' તો મળે, નહીં તો છાંયડો લેવામાં કોણ અટકાવે?

## ધાનેરામાં ઓવર ધ રેમ્બો પ્રિ-પ્રાયમરી સ્કૂલમાં વાર્ષીકોત્સવ કાર્યક્રમ યોજાયો

તા.પ્રતિનિધિ ધાનેરા

હાલ માર્ચ મહિનામાં શાળાઓમાં શૈક્ષણિક વર્ષ પૂરું થઈ રહ્યું છે ત્યારે વિવિધ શાળાઓમાં વાર્ષીકોત્સવ કાર્યક્રમોની મોસમ ખીલી છે ત્યારે આજે ધાનેરાની ઓવર ધ રેમ્બો સ્કૂલમાં પણ વાર્સીકોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રિ-પ્રાયમરી સ્કૂલના નાના બાળકોએ મનમોહક ડાન્સ રજુ કર્યા હતા આ પ્રસંગે મુખ્ય મહેમાનો તરીકે ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલ , ડો.એમ.એસ.અગ્રવાલ , ડો.બી.જી.મોર , નાયબ મામલતદાર મોડસિંગ રાજપૂત , લાયન્સ ક્લબના પ્રમુખ રમેશભાઈ ઠક્કર સહિત શહેરના આગેવાનો સહિત મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહી સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલા બાળકોને ટ્રોફી એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા જયારે ઉપસ્થિત મહેમાનોનું શાલ ઓઢાડી સ્વાગત સ્કૂલના આચાર્ય અમૃતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## આજનો દિન મહાન - યશવંત કડીકર

ભારતભરમાં અદ્વિતીય કીર્તિ સંપાદન કરનાર મહાન ચિત્રકાર શ્રી કનુ દેસાઈની જન્મ જયંતિ છે.

એમનો જન્મ તા. ૧૨-૩-૧૯૦૭માં અમદાવાદની બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં થયો હતો.

એમણે એમના કલાગુરૂ શ્રી વી.શાંતારામના સાથમાં અનેક કલાત્મક ચિત્રોમાં કલા-દિગ્દર્શનના અદભૂત કસબનો પરિચય કરાવ્યો. ૧૯૩૮મો તેમને 'રણજિતરામ સુવર્ણ ચંદ્રક' એનાયત થયો. ૧૯૬૫માં ગુજરાત સરકારે એમનું બહુમાન કર્યું હતું. એમનો પોતાના યુગને ચિરંજીવ કરવામાં મોટો ફાળો છે. શ્રી કનુ દેસાઈની કલા એ ગુજરાતના નવીન યુગનું ઉજજવળ પ્રકરણ છે.

આ મહાન કલાકારનું ૯-૧૨-૧૯૮૦ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

આ સપ્તાહ દરમિયાન પ્રિયજન પ્રત્યે વિશેષ લાગણી રહે. તેના દ્વારા મનને શાંતિ મળે. અભ્યાસ, નોકરી કે વ્યવસાયમાં વિશેષ રૂચિ રહે. મનમાં પ્રફુલિતતા અનુભવી શકશો. રોગ-શત્રુ પર વિજય મળે. મન અનેરી શાંતિ અનુભવે, રોકાયેલા નાણાં છૂટા થાય. સર્જનાત્મક પ્રવૃત્તિમાં સફળતા મળે. વડીલ વર્ગ સાથે વાણીસંઘર્ષનો પ્રસંગ બને. ધીર રાખવી હિતાવહ.

**વૃષભ**

આ સપ્તાહ દરમિયાન કોઈપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવું હિતાવહ. મનમાં વ્યર્થ અશાંતિ અનુભવાય. સાસરાપક્ષ તરફથી લાભ મળે. મિત્રવર્ગ કે ભાગીદાર વર્ગ તરફથી લાભ મળે. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી હિતાવહ. ઉપરી અધિકારી વર્ગ કે વડીલ વર્ગ દ્વારા માન-સન્માન મળે, કાર્યબોજ વિશેષ રહે. ખર્ચનો પ્રસંગ બને.

**મિથુન**

આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારીઓ આવી પડે. જે નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવી. આવક સંબંધિત સમસ્યાઓ હોય તો દૂર થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો કરનારો આ સમય યાત્રા-પ્રવાસનું પણ આયોજન કરાવે. આમોદ-પ્રમોદની અધિક્તા રહે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અટકેલા કાર્ય પૂર્ણ થાય. પારિવારીક વિષમતા દૂર કરી શકાય. આ દરિમયાન વધુ પડતું ભાવુક ન રહેવું. નહિંતર સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય. જે ભવિષ્ય માટે લાભદાયી નીવડે.

**સિંહ**

આ સપ્તાહ દરમિયાન પ્રિયજનથી વિશેષ લગાવ રહે. કોર્ટ-કચેરી અને જમીન-વાહન સંબંધિતકાર્યમાં લાભ રહે. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી. કોઈ ષડયંત્ર કે ગેરસમજનો ભોગ ન બનો તેની સાવધાની જરૂરી. નોકરી-વ્યવસાયને લગતા કાર્યમાં સમસ્યા રહે પરંતુ ધીરજ પૂર્વક કાર્ય કરતા રહેવાથી આ સમસ્યા દૂર થાય.

**કન્યા**

આ સપ્તાહ દરિમયાન કાર્યની અધિક્તાને લીધે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુઃખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મીલન-મુલાકાત સફળ થાય તેવા આયોજનો સફળતાપૂર્વક પાર પાડી શકો. મુસાફરી-પ્રવાસ ટાળવો હિતાવહ. જામીનગીરી જેવાકાર્યોથી દૂર રહેવું. કોઈની અંગત બાબતોમાં ન પડવું હિતાવહ.

**તુલા**

આ સપ્તાહ દરમિયાન ઉચ્ચ અધિકારી વર્ગ પ્રસન્ન રહે તેથી લાભ પ્રાપ્ત થાય. જીવનસાથીના સંપૂર્ણ સહકારથી મહત્વના કાર્યો પાર પાડી શકશો. રચનાત્મક કે પરોપ-કારી પ્રવૃત્તિમાં વધારો થાય. વ્યર્થ વાદ-વિવાદ ન થાય તેની તકેદારી રાખવી નહિંતર અગત્યના સંબંધો વણસી જાય. સગાસંબંધી દ્વારા આર્થિક લાભ પ્રાપ્ત કરી શકશો.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન નવી યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું હિતાવહ. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની શક્યતા છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યમાં મન પ્રવૃત રાખવું.

**ધન**

આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ લગાવ રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાનફેરના યોગ છે. ધંધાકીય કાર્યમાં સાવધાની જરૂરી. નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય ક્ષેત્રના વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડો. અણધાર્યો પ્રવાસ થાય. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

**મકર**

આ સપ્તાહ દરમિયાન જૂના સ્નેહીઓ સાથે મુલાકાત થાય. મનમાં અ કારણ ગુસ્સો રહે અને ચિંતા સતાવે. આરોગ્ય અંગે સાવચેતી જરૂરી. મનમાં અશાંતિ રહે. આર્થિક બાબતે આ સપ્તાહ શ્રેષ્ઠ રહે. રોકાયેલા નાણાં અચાનક છૂટા થાય. અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. વાણીસંયમ ઝાળવવો હિતાવહ.

**કુંભ**

આ સપ્તાહ દરમિયાન નવિન મીલન મુલાકાત, ધાર્મિક કાર્ય કે પ્રવાસ-પર્યટનથી મન અત્યંત પ્રસન્ન રહે. પારિવારીક જીવનમાં પણ ઉત્સાહનો વધારો થાય. ધંધામાં આકસ્મિક ધન લાભ થાય. દૂર્વ્યય થતો અટકે. મોશાળપક્ષ તરફથી લાભ થાય, આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. કોઈ ચિંતા હોય તો તે હળવી બને અથવા ગેરસમજ દૂર થાય. એકંદરે આ સમય શુભ ફળ આપનારું રહે.

**મીન**

આ સપ્તાહ દરમિયાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થચિત્તે પોતાના કાર્યને વળગી રહેવું. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સાવચેત રહેવું હિતાવહ. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી. કોઈપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવા હિતાવહ. કાર્યબોઝ વિશેષ રહે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## ૫૦૦૦થી વધારે ડીલીવરી કરાવનાર મહીલાનુ સન્માન કરાયુ..



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા માં રહેતા ૬૦ વર્ષના વયોવ્રુધ્ધ નવુબેન ગૌસ્વામી નુ ભાજપ દ્વારા વિશ્વ મહીલા દિવસે ખાસ સન્માન કરવામાં આવ્યુ હતુ. પહેલા ડૉક્ટરો ઓચા હોવાના કારણે લોકો ડીલીવરી માટે હોસ્પીટલ જતા ન હતા અને ગામમાં કોઇ દાયણ હોય તો તેની પાસે ડીલીવરી કરાવતા હતા. ધાનેરામાં પણ નવુબેન ગૌસ્વામી એ એવા દાયણ હતા કે તેઓએ આજ દિન સુધીમાં ૫૦૦૦ થી પણ વધારે ડીલીવરી કરાવી છે અને તે પણ મા અને બાળકને સહીસલામત રીતે રાખીને ડીલીવરીઓ કરાવી છે. જેથી ધાનેરા ભાજપ મહીલા મોરચા દ્વારા વિશ્વ મહીલા દિવસે તેમને પણ ભુલ્યા નથી અને તેમને સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે ધાનેરાના પ્રભારી નિર્મલાપુરીજી, ન.પા.સદસ્ય ઈન્દુબેન જોષી, શહેર મહામંત્રી જે.બી. રાજપુત, ન.પા. પૂર્વ પ્રમુખ આશાબેન પટેલ તેમજ અન્ય મહીલા મોર્ચાની બહેનો પણ ખાસ હાજર રહી હતી..

## મનમંદિર શાળામાં ધો.૧૦ અને ૧૨ નો વિદાય સમારંભ

પાલનપુર

શ્રી માનવ કલ્યાણ ટ્રસ્ટ સંચાલિત શ્રી મનમંદિર વિદ્યાસંકુલ તાજપુરામાં ધો.૧૦-૧૨ નો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના, વિદાયગીત તેમજ વકતવ્ય આપવામાં આવ્યું. જેમાં શાળાના પ્રમુખ મંજુલાબેન પઢિયાર તેમજ નિરવભાઈ પઢિયાર વિશેષ અતિથી તરીકે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર બાદ કાર્યક્રમની શરૂઆત કરવામા આવી હતી. જેમાં શાળાના પ્રમુખએ સંબોધન દ્વારા બાળકોને પરીક્ષામાં સફળ થાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ શાળાના આચાર્ય જીતુભાઈ દવેએ વિદ્યાર્થીઓને વિદ્યાલક્ષી પ્રવચન આપ્યું આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષણ હર્ષિતભાઈ પટેલે કર્યું હતું.

## કલાસૃષ્ટિ ફાઉન્ડેશન ડીસા દ્વારા જય અંબે આનંદ ગરબા ટીમનું સન્માન



ડીસા

કલાસૃષ્ટી ફાઉન્ડેશન-ડીસાના પ્રણેતા ચંદુભાઈ એ.ટી.ડી. (રાષ્ટ્રીય પારીતોષિક-ચિત્ર શિક્ષક) દ્વારા કે જેઓ દરેક ક્ષેત્રોમાં જે વિશેષ કાર્યસિધ્ધિઓ મેળવેલી હોય તેવી વ્યક્તિઓનું '' દીકરી દેવો ભવ'' ચિત્ર મોમેન્ટો- સન્માનપત્ર તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવે છે. જે પ્રસંગે ગતરોજ દવે નિરંજનાબેન રમેશકુમાર કે જે ઘણા વર્ષોથી મા અંબાજી-અંબાના ધામમાં વિવિધ જગ્યાએ પોતાની ટીમ જય અંબે આનંદ ગરબા મંડળ દ્વારા આનંદ ગરબો પરિવાર સાથે ગાઈને માના ગુણલાઓ ગાવાનું અને ધાર્મિક ક્ષેત્રમાં ખુબ જ સુંદર સામાજિક કાર્ય છે. તેમજ આ ગરબા મંડળના પ્રમુખ તરીકેની જવાબદારી પણ નિભાવે છે. જેઓનું કલાસૃષ્ટિ ફાઉન્ડેશન ડીસા દ્વારા ''દીકરી દેવો ભવઃ'' ચિત્ર મોમેન્ટો તથા સન્માનપત્ર તથા પુષ્પગુચ્છ આપી પરિવારનું વિશેષ સન્માન કરવામાં આવેલ. જે પ્રસંગે નિરંજનાબેને જણાવ્યુ કે સમાજમાં આનંદ ગરબા અમારા મિત્ર મંડળ થકી લોકોને માના ગુણલા ગાઈને એક સામાજિક ધાર્મિક વિચારો દ્વારા પ્રેરણા આપીએ છીએ. જે અમારુ અહોભાગ્ય છે.

## મહંતશ્રી કે.ડી.આદર્શ હાઈસ્કૂલ - રામપુરામાં દિક્ષાંત સમારોહ યોજાયો



ડીસા

તા.૧૦/૦૩/૨૦૧૮ ના રોજ મહંતશ્રી કે.ડી.આદર્શ હાઈસ્કૂલ રામપુરામાં ધોરણ - ૧૦ તથા ૧૨ ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ, શાળામાં દીર્ધકાલીન સેવાઓ આપી નિવૃત્ત થયેલ શિક્ષક ઈશ્વરભાઈ દેસાઈનો વિદાય સમારોહ અને તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણનો ત્રિવેણી સંગમ સમો કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન રામપુરા મઠ (જાગીર) ના પૂ. મહંતશ્રી રૂપપુરીજી મહારાજે શોભાવ્યું હતું. પૂ.મહંતશ્રી તથા રામપુરા મઠના કારભારી સુશ્રી નિર્મલપુરીજી (મેનેજીંગ ટ્રસ્ટીશ્રી સંસ્કાર મંડળ) એ વિદ્યાર્થીઓને આર્શિવચન આપી, સંસ્કારયુક્ત ઉચ્ચજીવન બનાવવા શીખ આપી હતી. આ સમારોહમાં જિલ્લા પંચાયત સદસ્ય સવિતાબંન ટાંક, નરેશભાઈ ટાંક, તાલુકા પંચાયત સદસ્ય કપુરજી ખદાવ, ભાજપ અગ્રણી ગિરીશભાઈ દેસાઈ, ઈન્દુમતીબેન જોષી (ધાનેરા), દશરથગીરીજી ગોસ્વામી (માલગઢ), સંસ્કાર મંડળ રામપુરાના સદસ્ય જગમાલભાઈ દેસાઈ, ખેતાજી પટેલ (કંસારી), અણદાજી નેણ, ભરતભાઈ દેસાઈ (ઢેઢાલ), ઈશ્વરભાઈ દેસાઈ (પૂર્વ સરપંચ દામા), સવજીજી ઠાકોર વરનોડા વગેરે અગ્રણીઓ તથા વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

અનુસંધાન પાના નં.૬

# મારે કાંઈ સાંભળવું નથી બસ મારે મારા ભાઈને મળવું છે

વિદ્યાબેનના પેટમાં ફાળ પડી દીપામાં આવેલી જાહેરાતનેચકાસીને ફરીથી બે વખત વાંચી ગયા અને રડવા લાગ્યા, પ્રેક્ષા ગભરાઈને બહાર આવી. વિદ્યાબેનની પાસે આવી બેઠી. શું થયું ભાભી ? કેમરડો છો ? પ્રેક્ષાની સામે છાપું ધર્યું અને પેલી જાહેરાત વાંચવા હાથ લંબાવ્યો. પ્રેક્ષા પણગંભીર થઈ તે સાંત્વના આપતાં બોલી, હવે ભાભી ચિંતા ના કરો. સૌ સારાં વાનાં થઈ જશે. ઈશ્વરના દરબારમાં હંમેશા અજવાળાં છે ત્યાં સમાન ત્રાજવે ન્યાય તોળાય છે. કરેલા કર્મો તો ભોગવવા જ પડે છે ને ! એમાં આપણે શું કરીએ ?

એવા આકરાવેણ ના બોલો, નણંદબા... ગમે તોય મારો મા જણ્યો ભાઈ છે.. એ જીવન મરણ વચ્ચે ઝોલા ખાય છે ને મને ખબર પણ નથી ?

એમાં તમારો વાંક શું ભાભી ? એમણે તમને સમાચાર પણ આપવાની તસદી લીધી નથી તો તમે નાહકનો જીવ કેમ બાળો છો ? તમારા ભાઈ તો ધનાઢય માણસ છે. રૂપિયાનો ઢગલો કરો ત્યાં હજારોની સંખ્યામાં કીડનીના દાતાઓનો રાફડો ફાટી નીકળી જશે. સુખી માણસોને કયાં કોઈ નડે છે ?

તો પણ નણંદબા મારે મારા ભાઈને મળવું છે એકવાર એની પાસે લઈ જાઓને ?

ભાભી ભુલી ગયા ? એણે તચમને ઠોકર મારીને એમના ઘરમાંથી બહાર કાઢેલ ભીખારીની જેમ હડધુત કરીને કાઢી મુકયા છે છતાં આજે..

હોયે નણંદબા.. પૈસાનો નશો જ એવો છે એ ભાન ભુલ્યો પણ મારી તો આપણને ફરજ છે કે હું એની ખબર પુછવા જાઉં..

મને તો શું વાંધો હોય ભાભી પણ રાહુલ તમને ત્યાં જવા દેવા તૈયાર નહીં થાય.

હા એને તો મામા સાથે બારમો ચંદ્રમા છે.

તે હોયને જ ભાભી ગરીબ લાચાર બેનને હમદર્દીના બે શબ્દો કહેવાને બદલે ધક્કા મારીને બહાર કાઢનાર હેવાનને એ કેમ કરીને માફ કરે ?

આટલા વર્ષોમાં કયારેય તમારી સામે એણે જોયું પણ નથી. મારે કંઈ સાભળવું નથી. બસ મારે મારા ભાઈને મળવું છે કહી આંખો લુછતાં લુછતાં વિદ્યાબેન રૂમમાં ચાલ્યા ગયા.. બીજે દિવસે સવારે વહેલા જાગ્યા અને તૈયાર થઈ નીકળી ગયા. આલીશાન લકઝુરીયસ સગવડોવાળી વિશાળ હોસ્પિટલના પટાંગણમાં પગ મુકયો. મન કચવાવા લાગ્યું શું કહીશ ભાઈ અપમાન કરશે તનો ? લજ્જીત મોંઢુ લઈ પાછી ઘરે જઈ શકીશ ? ભાભીની કડવાશની નીતરતી નજરનો સામનો કરી શકીશ ? વિચાર કરતાં કરતાં આઈસીયુ કંટ્રોલ રૂમ સુધી પહોંચી ગયા. જઈને ઉભા રહ્યાં લોહીના સગપણ યાદ આવતાં આંખોમાં ઝળહળીયાં આવી ગયા. આવકાર વિના ભાભીની પાસે જઈને બેઠા ભાભી કેમ છે મારા ભાઈને ?

તબિયત સારી છે તે કહીશ તો ખુશ થઈ જશો અને ખરાબ છે એમ કહીશ તો પોક મુકશો. સરવાળે તમારા કોઈ પણ પ્રકારના પ્રતિભાવથી મને કે તમારા ભાઈને કોઈ ફરક નથી પડવાનો. વણતેડાવ્યા આવ્યા જ છો તો બેસો. મળી લો તમારાભાઈને બીજું તો શું કહું ?

વિદ્યાબેન આજુબાજુ નજર કરી. પરિવારના બીજા સભ્યો વિસ્મયતાથી એમની સામે જોઈ રહ્યા હતા. ખાદીની સાડી, સુનું કપાળ, વર્ષોથી કઠીન પરિશ્રમથી કસાઈને રૂક્ષ થઈ ગયેલી ચામડી, શ્યામવર્ણ હાથમાં ગળામાં કયાંય કોઈ શણગાર નહીંને પગમાં કેટલીયે વાર સંધાઈને મુળ આકાર પણ ફરી ગયો હતો એવી ચપ્પલ કોરા સુકા ભઠ્ઠ વિખરાયેલા વાળ..વિદ્યાબેને જોતાં જ એની ગરીબાઈના દર્શન આપોઆપ થઈ જતા હતા. તેઓ શરમ, સંકોચથી ઉભા થયાં.કાચના દરવાજામાંથી આંખો બંધ કરી સુતેલા ભાઈને નિહાળ્યો.. ને બાળપણની યાદો તાજી થઈ ગઈ.

રાયચંદ બે મહીનાનો જહતો તે માતાનો વ્હાલસોયો ખોળો ગુમાવી બેઠો. પિતા મિલમજુર હતા. આખો દિવસ કાળી મજુરી કરતા ત્યારે ઘરનુંમાંડ પુરૂં થતું. વિદ્યાબેન એ સમયે સાતમા ધોરણમાં અભ્યાસ કરતા હતા. ભણવામાં ખુબ જ તેજસ્વી હતા. પહેલા નંબરે પાસ થતાં.

સપનું હતું કે ભણી ગણીને પોતે શિક્ષિકા બનશે. પણ નાન ભાઈની જવાબદારી માથે આવી ભણવાનું મુકી દીધું બે ઘરનાં કપડાં વાસીદું કરવાનું કામ શરૂ કર્યું. ભાઈને હેતથી મોટો કર્યો પરંતુ જેમ વરસાદ માઝા મુકે ત્યારે ધરતીનું ધનોતપનોત વાળી દે છે એમ તકદીર રૂઠે ત્યારે માનવીને સંપૂર્ણતમ બરબાદ કરી નાખે છે.

રાયચંદ બીજા ધોરણમાં આવ્યો ને પિતાનું મૃત્યુ થયું. ઘરની જવાબદારી માથે આવી. વિદ્યાબેન હિંમત હાર્યા નહીં, સિવણનું કામ શીખીલીધું ભાઈને કયાંય કોઈ તકલીફ પડવા ન દીધી. એન્જીનીયર બનાવ્યો, પરણાવ્યો,પોતાના લગ્નની ઉંમર વીતી ગઈ હતી પરંતુ સમાજના મેણાં ટોણાંથી બચવા એક પુત્રના વિધુર પિતા સાથે લગ્ન કરી લીધા પરંતુ લગ્નજીવનને માંડ બે વર્ષ થયું હશે ત્યાં એમના પતિ ગંભીર બિમારીમાં સપડાયા ઘણ દવાદારૂ કરી પણ કોઈ ફેર પડતો નહતો. પૈસા પાણીની માફક ખર્ચ્યા હતા

## મન દર્પણ -મંજુ પ્રજાપતિ

માથે દેવું વધતું હતું આ બાજુ ભાઈની ઉત્તરોત્તર પ્રગતિ થઈ રહી હતી. લાખોમાં રમવા લાગ્યા હતા પરંતુ એમાંથી એકેયને રૂપિયાની પથારીમાં સુવાડનાર, પોતાનું જીવન નિરાધાર કરનાર વિદ્યાબેન યાદ આવતા નહોતા. આ વિદ્યાબેનની પતિની તબિયત બગડી. હોસ્પિટલમાં એડમીટ કરવા પડયા પૈસાની જરૂર પડી કોની પાસે હાથ લંબાવવો ? તેઓ ભાઈની પાસે મદદ માંગવા ગયા. દિલમાં હતો ભાઈ હરખે દોડી આવશે, ઘણી બધી ફરીયાદો કરશે ? મનેય કહે આવતાં નથી ઘણા દિવસો થયા.. બનેવીને હવે કેમ છે વગેરે વગેરે..?

પણ મોટા રાજમહેલમાં જેવા બંગલામાં પહોંચ્યાં ત્યાં ચોકીદારે દરવાજે રોકયા. ચોકીદાર સાથે જીભાજોડીલ કરી માંડ અંદર આવ્યા ભાઈ ભાભી બંને જમવા બેઠા હતા. વૈભવશાળી બંગલાને ચારે બાજુથી જોઈ રહ્યા. હરખનાં આંસુ છલકાઈ ગયા. ભાઈ તેં તો ખુબ જ સરસ બંગલો બનાવ્યો છે.. વિદ્યાબેનને હજુ એમ જ ઉભા હતા. બંનેના ચહેરા ભાવશૂન્ય હતા. ભાઈએ કે ભાભીએ ન તો એમને જમવાનું આમંત્રણ આપ્યું કે ના એમને બેસવાનું કહ્યું. અરે એક ગ્લાસ પાણીનો વહેવાર પણ નહીં ભાઈ જમીને ઉભો થયો.

શું બોલો બેન કેમ આવવું પડયું ?

અરેભાઈ આમ આટલોનારાજ થઈ જઈશ તને ફરીયાદ છે કે બહેને આટલા વર્ષે મારી ખબર ના લીધી પણ ભઈલા તું સુખી છો એવા સમાચાર મને મળતા રહેતા હતા. જોને તારા બનેવીની તબીયત દિવસે ને દિવસે બગડતી જાય છે ચાલ હવે દિલ સાફ કરી દે. જો તારી મોટીબહેન તને મળવા આવી છે.

ભાભી હાથ ધોઈ ઉભાથતાં બોલ્યા મળવા કે પછી પૈસાની જરૂર પડી તે ભીખ માંગવા આવ્યા ?

ભાભીના શબ્દો વિદ્યાબેનનું હૃદય ચીરી આરપાર નીકળી ગયા. ઘરમાં જગ્યા આપે તો તેમાં સમાઈ જવાનું મન થઈ ગયું, અપમાનનો ઘુંટડો ગળેથી નીચે ઉતારે એ પહેલાં ભાઈ બોલ્યો, જો બેન અમારી પાસે નવરાશ નથી.

ના હોય તો તું નીકળ.. અમારે બંનેને એક પાર્ટીમાં જવાનું છે ખુબ મોડું થઈ જશે.

ભાઈ તું તો સાવ બદલાઈ ગયો. મારા ખબર અંતર તું ના પુછ કાંઈ વાંધો નહીં પણ હું તારા આંગણે આવી છું કમ સે કમ મને..

હવે આવા વેવલાવેડા છોડી દો.. અને મારૂં દિમાગ ગરમ નહીં કરો. મારે હમણાં આમને કામના ઘણા ટેન્શન છે અનેએમાં વળી તમે..?

હા ભાઈ હોય તે બધું જ ભુલી ગયો. એ જ વિદ્યાબેન જેણે પોતાના મોંઢામાંથી કોળીયો કાઢી તારા પેટની આગ બુઝાવી છે.આજે તારી પાસે બંગલા, ગાડી, સુખ સાહ્યબી આવી ગઈ એટલે આ ગંદા સાડલાવાળી ગરીબ બેનડી ભુલાઈ ગઈ.. આ જ પાલવડે રમીનુે તું મોટો થયો છે પણ આજે આ પાલવમાંથી તને મારી ગરીબાઈની ગંધ આવે છે. શરમ આવે છે રાયચંદ એકદમ ગુસ્સે થઈ ગયો અને વિદ્યાબેનનો હાથ પકડી દરવાજા તરફ ધક્કો માર્યો.. તારી લવરી બંધ કર અને જા અહીંથી મારા નોકર ચાકર વચ્ચે મારૂં અપમાન કરવા આવી છે ? આજ પછી અહીં પગ મુકતી નહીં જા.. અહીંથી..

વિદ્યાબેનના ખભે કોઈએ હાથ મુકયોને તેઓ દુઃખદ ભુતકાળના ભંડાકીયામાંથી બહાર આવ્યા. નર્સે એમને બહાર નીકળવા માટે રીકવેસ્ટ કરી રહી હતી. પ્લીઝ બેન આ આઈસીયુ રૂમ છે બહાર બેસો. વિદ્યાબેન બહાર આવ્યા પણ કોઈ કાંઈ બોલ્યું નહીં. ચુપચાપ આંખના આંસુને લુછતાં લુછતાં ડૉકટરની કેબીનમાં ગયા.

સાહેબ હું શેઠ રાયચંદદાસની તબિયત પુછવા આવી છું. પ્લીઝ મને.. બોલતાં ગળગળા થઈ ગયા.

બેન બેસો પણ તમે એમના શું સગા થાઓ, ડૉકટરે ખુબ શિષ્ટાચારથી પુછયું..

કાંઈ નહીં ભાઈ મારા દેદાર પરથી તમને એવડા મોટા શેઠ સાથે સગપણ હોય એવા ચિન્હો દેખાય છે ? બસ આ તો માનવતા ખાતર ?

ડૉકટર સાથે સઘળી ચર્ચા કરી પોતે કીડની આપવા તૈયાર થઈ ગયા. બોડી ચેકઅપ કરાવી દીધું, બધા રીર્પોટસ આવી ગયા. ડૉકટ-રે હતાશ થઈને કહ્યું બેન સોરી તમારી કીડની અમને લઈ શકીએ તેમ નથી.

કેમ સાહેબ મને કાંઈ ચેપી હોય છે ? ના બેન પણ તમારી એક કીડની પચાસ ટકા જ કામ કરે છે.

પણ બીજી કીડની તો સારી છે ને ? વિદ્યાબેન અધીરા બની ગયા.

હા પણ એવું રીસ્ક ના લેવાય કદાચ તમારી બીજી કીડની..ના ના સાહેબ તમે બેફીકર રહો, અને આમેય મારી જીંદગી તો પુરી થઈ ગઈ. તમે ચિંતા ના કરો તમે ઓપરેશનની તૈયારી કરો.. બોલો હું કયારે આવું ?

બસ આ પેપર્સમાં સહી કરી દો.. અને કાલે સવારે આવી જજો..

પણ સાહેબ આ વાત તમારીને મારી બંને વચ્ચે રાખજો. સાંજે મોડેથી વિદ્યાબેન ઘેર આવ્યા. પ્રેક્ષા અને રાહુલ એમની રાહ જોતા હતા. બંને જાણતા હતા કે તે કયાં જઈને આવ્યા છે એટલે કોઈ પુછયું જ નહીં. બીજે દિવસે સવારે વહેલા જાગી કોઈને કંઈ પણ કહ્યા વિના સીધા હોસ્પિટલ પહોંચી ગયા.

કીડની ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન થઈ ગયું. ભાઈની તબિયત સારી થઈ, પ્રેક્ષા અને રાહુલ એમને ઘેર લઈ આવ્યા. બંને ખુબ જ નારાજ હતા. વિદ્યાબેને બંનેની સામે જોયું અને કહ્યું : તમે બંને મારાથી નારાજ જ છો.. પણ શું કરૂં ? મેં એની બહેન નહી પણ મા બનીને ઉછેરીને મોટો કર્યો એને તડપતો હું કેવી રીતે જોઉં ? પ્રેક્ષા ભાભીના ખોળામાં માથું મુકીને રડવા લાગી રાહુલ બહાર નીકળી ગયો.

એક દિવસ આંગણે એક મોટી ગાડી આવીને ઉભી રહી. ત્રણે જણાં આશ્ચર્યથી જોઈ રહ્યા. શેઠ રાયચંદ અને એમની ધર્મપત્ની નીચે ઉતર્યા.. ઘરના આંગણે આવી ઉભા રહ્યા...વિદ્યાબેનનો આનંદનો પાર ના રહ્યો.. શબરીને દ્વાર જાણે રામ પધાર્યા, હરખભેર ઉભા થઈને ખાટલો ઢાળ્યો.. આવો ભાઈ આવો ભાભી..!

ભાઈ અંદર આવ્યા પણ કાંઈ બોલ્યા નહીં.. અને વિદ્યાબેનના હાથમાં એક મોંટું વજનદાર કવર મુકયું. વિદ્યાબેન ભાઈની સામે જોઈ રહ્યા.. ઘડીભર કવર સામે જોયું, આંખોમાં રોષનો અગ્નિ ભભુકી ઉઠયો.

વાહ ભાઈ તું એટલો બધો પૈસાદાર થઈ ગયો છે કે આજે મારી મમતાની કિંમત મુકવા આવ્યો છું ?

અરે ગાંડા ! દુનિયાની બધી મિલ્કત લઈને પણ તું મારી મમતાની, મારા વાત્સલ્યની કીંમત નહીં ચુકવી શકે. ખીલતું બાળપણ, ઉછળતી જુવાની, જેની પરવરીશ પાછળ આ ખર્ચી નાખી એને તું ચંદ કાગળના ટુકડાથી ખરીદવા નીકળ્યો છે ? જા જા નીકળ ભઈલા કીડની આપીને મેં તને જીવતદાન આપ્યું પણ તારો આત્મા તો પૈસાના નશામાં ચકચુર બનીને મરી પરવાર્યો છે. તો મને ધક્કા મારી બહાર કાઢી તેમ છતાંય આજ સુધી મારી મમતા જીવતી રહી હતી પણ આજે તે એ મમતાનું પણ ખુન કરી નાખ્યું. જા ભઈલા સુખી થજે તને આ ગરીબ બેનના આશીર્વાદ છે.. વિદ્યાબેન રડતા રડતા અંદરના રૂમમાં ચાલ્યા ગયા. શેઠ રાયચંદ શું બોલે ? લાખોનો આસામી આજે ગરીબના ઝુંપડે ભીખારી બનીને ઉભો રહી ગયો.

-મંજુ પ્રજાપતિ

### પેન્શન આપવામાં પણ સરકારની વ્હાલા દવાલા નીતિ

# પાલનપુરમાં નિગમના નિવૃત કર્મચારીઓની બેઠકમાં જલદ કાર્યક્રમો આપવાની ચિમકી

પાલનપુર

સરકાર દ્વારા એસટી નિગમ, વીજ કંપની, સહકારી સંઘ સહિતના કર્મચારીઓને નામ પૂરતું પેન્શન આપી અન્યાય કરવામાં આવી રહ્યો છે. આ કર્મચારીઓને નિયમાનુસાર પેન્શન ચૂકવવા કોર્ટે હુકમ કરેલો હોવા છતાં સરકારી કર્મચારીઓને ગોળ અને નિગમના કર્મીઓને ખાંડ એવી બેવડી નીતિ અખત્યાર કરવામાં આવી રહી છે. ત્યારે આગામી સમયમાં આ મુદ્દે જલદ કાર્યક્રમો આપવામાં આવશે. તેમ પાલનપુર ખાતે રવિવારે યોજાયેલી બેઠકમાં નિવૃત કર્મચારીઓએ ચિમકી ઉચ્ચારી હતી.


(સંજય જોષી)

પાલનપુર ખાતે રવિવારે કલેકટર કચેરીના બગીચામાંએસટી નિગમ, વીજ કંપની, ડેરી, સંઘના નિવૃત કર્મચારીઓની બેઠક યોજાઇ હતી.જેમાં સરકાર દ્વારા તેમને ચૂકવાતા પેન્શનમાં થતા અન્યાય મુદ્દે ચર્ચા કરી આગામી સમયમાં જલદ કાર્યકમો આપવાની રણનીતિ ઘડવામાં આવી હતી. આ અંગે એસ.ટી.ના પૂર્વ વિભાગીય નિયામક સી.બી. લીબાચીયા, મનુભાઈ જોષી, બી.એલ.ભેડા સહિત પેન્શનરોએ આક્રોશ પૂર્વક જણાવ્યું હતું કે, ૧૯૯૫માં પેન્શન યોજનામાં દર પાંચ વર્ષે રિવાઈજ કરવા અને પેન્શનની રકમમાં વધારો કરવા સુપ્રીમ કોર્ટે હુકમ કર્યો હતો. જોકે, તા.૩૧-૫-૨૦૧૭ **અનુસંધાન પાના નં.૬**

### ભુજથી શ્રીનાથદ્વારા એસ.ટી. બસ શરૂ કરાતા મુસાફરોમાં આનંદ

પ્રતિનિધિ વડાવળ

ગુજરાત એસટી નિગમ દ્વારા મુસાફરોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા એસટી વિભાગમાં અનેક નવા રૂટો શરૂ કરવામાં આવી રહ્યા છે. ત્યારે ભુજ ડેપો દ્વારા ભુજથી શ્રીનાથ દ્વારા એસ.ટી. બસનો નવો રૂટ શરૂ કરવામાં આવ્યો છે. કચ્છ બનાસકાંઠા સહિત રાજસ્થાનને જોડતા આ રૂટ પર સ્લીપર કોચ બસ ચલાવવામાં આવી રહે છે. જેથી મુસાફરો પણ આ લાંબા રૂટમાં આરામદાયક મુસાફરી કરી શકે છે. જિલ્લાના ડીસા અને પાલનપુર શહેરોના મુસાફરો પણ આ નવા રૂટનો લાભ લઈ શકે છે. ભુજથી બપોરે ૧૫:૦૦ કલાકે ઉપડતી બસ ડીસા ખાતે રાત્રિના ૨૨:૪૫ કલાકે જયારે પાલનપુરમાં ૧૩:૨૦ કલાકે શ્રીનાથદ્વારા જવા માટે આવે છે. જે બસ **અનુસંધાન પાના નં.૬**

# પ્રાથમિક શાળાના તાલીમી શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિકમાં સમાવવા ઉગ્ર રજૂઆત

### બી.પી.એડ., ડી.પી.એડ., બી.પી.ઈ. તેમજ સી.પી.એડ. એ.ટી.ડી. લાયકાત ધરાવતાં શિક્ષકોને ધો.૬ થી ૮ માં વિકલ્પ આપી વિષય શિક્ષક તરીકે સમાવવા માંગ

ડીસા

રાજ્ય સરકાર દ્વારા ૨૦૧૦ થી વ્યાયામ, ચિત્ર શિક્ષકોની ભરતી કરવામાં આવેલ નથી. જેને કારણે બાળકોમાં શારીરિક તેમજ માનસિક શક્તિ અને શુસુપ્ત શક્તિઓનો વિકાસ રૂંધાઈ રહ્યો છે અને બાળકો માનસિક તણાવનો અનુભવ કરી રહ્યા છે. રમત-ગમત પ્રવૃત્તિઓ લુપ્ત થઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા વિશ્વ યોગ દિવસ તેમજ ખેલ મહાકુંભ કાર્યક્રમો પાછળ લાખો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે પરંતુ પાયાના શિક્ષણ ધો.૧ થી ૮ માં વ્યાયામ વિષય નથી વ્યાયામ શિક્ષકો નથી રાજસ્થાન તેમજ અન્ય રાજ્યોમાં પણ ધો.૬ થી ૮ માં વ્યાયામ અને ચિત્ર શિક્ષકોની ભરતી કરવામાં આવે છે તો ગુજરાતમાં કેમ નહી ? આ બાબતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા રાજ્ય સરકારને વારંવાર રજુઆતો છેલ્લા ૫ વર્ષથી કરવામાં આવે છે. છતાં આ બાબતે કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આથી પ્રાથમિક શાળામાં શારીરિક શિક્ષણ અને યોગના શિક્ષકોના પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવવા ઉગ્ર માંગ કરાઈ છે.

જેમાં તાલીમી સ્નાતકો જેવા કે બી.પી.એડ., ડી.બી.એડ., બી.પી.ઈ., સી.પી.એડ, એ.ટી.ડીની એન.સી.ટી.ઈ. મુજબની તાલીમી લાયકાત ધરાવતા તાલીમી સ્નાતકો ને ધો.૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિકમાં યોગ અને શારીરિક શિક્ષણ તેમજ ચિત્રકલા વિષય શિક્ષક તરીકે વિકલ્પ આપી સમાવવા.,

યોગ અને શારીરિક શિક્ષણ તેમજ ચિત્ર વિષય ફરજીયાત ધોરણે દાખલ કરવો તેમજ આવા શિક્ષકોનું અલગ પ્રકારનું મહેકમ બનાવવું અને દરેક શાળામાં આર.ટી.ઈ. મુજબ ૧૦૦ બાળકોએ ૧ વ્યાયામ અને ૧ ચિત્ર શિક્ષકની જોગવાઈ છે તે મુજબ સવેતને ભરતી કરવી.

હાલ નવિન વ્યાયામ અને ચિત્ર શિક્ષકોની ભરતીની જાહેરાત આપવામાં આવેલ છે તે આર.ટી.ઈ. ના નિયમ વિરૂધ્ધ છે જે ભરતી રદ કરી દરેક શાળામાં વિષય શિક્ષક તરીકે હાલના નિયમોનુસાર અન્ય વિષય શિક્ષકની ભરતી થાય છે તે પ્રમાણે ભરતી કરવી.

સી.પી.એડ. એન.સી.ઈ.ટી. મુજબ ૧ થી ૮ ના વ્યાયામ શિક્ષકો છે. છતાં ધો.૧ થી ૫ માં રોકી રાખવામાં આવ્યા છે. જે તેમની લાયકાત મુજબ અન્યાય થઈ રહ્યો છે. તેમને ઉચ્ચ પ્રાથમિક વિકલ્પ આપી સમાવેશ કરવો.

ઉચ્ચ પ્રાથમિકમાં નવિન વ્યાયામ અને ચિત્ર શિક્ષકોની ભરતી થાય તે પહેલાં તેમજ અન્ય વિષય શિક્ષકની ભરતી થાય તે પહેલાં હાલ ૧ થી ૫ માં ભણાવતા વ્યાયામ અને ચિત્ર **અનુસંધાન પાના નં.૬**

### પાલનપુરમાં એ.ટી.એમ. બન્યા શોભાના ગાંઠિયા

## એસ.એસ.સી/એચ.એસ.સી. પરીક્ષાર્થીઓ - વાલીઓ સહિત લોકો પરેશાન

પાલનપુર

પાલનપુર શહેરમાં મોટા ભાગની બેંકના એ.ટી.એમ. શોભા ના ગાંઠિયા સમા પુરવાર થઇ રહ્યા છે. આવતીકાલથી બોર્ડની પરીક્ષાઓ શરૂ થઇ રહી છે. ત્યારે પરીક્ષા આપવા પાલનપુર આવેલા છાત્રો સહિત વાલીઓ પણ નાણાં વગરના ખાલી એ.ટી.એમ.ને કારણે તકલીફમાં મુકાયા હતા.

પાલનપુરમાં વિવિધ બેંકોના એ.ટી.એમ. આવેલા છે. પણ છેલ્લા એક સપ્તાહથી મોટા ભાગના એ.ટી.એમ. ખાલીખમ જોવા મળી રહ્યા છે. લોકો પૈસા ઉપાડવા જાય છે. પરંતુ એટીએમ મશીનમાં કેસ ખલાસ હોવાથી વીલા મોઢે પરત ફરે છે. જેના પગલે લોકોને પોતાના જ પૈસા ઉપાડવા માટે ભારે હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

આવતીકાલથી ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. ત્યારે જિલ્લાના


સંજય જોષી

અંતરિયાળ વિસ્તારમાં રહેતા છાત્રો તેમના વાલીઓ સાથે પરીક્ષા આપવા પાલનપુર આવ્યા છે. પરંતુ એ.ટી.એમ. બંધ હોવાના કારણે છાત્રો અને વાલીઓ પણ મૂંઝવણમાં મુકાયા હતા. અને બેંકો સામે રોષની લાગણી વ્યક્ત કરી હતી.

આમ, ખરા સમયે જ પોતાના પૈસા કામમાં ન આવતા લોકોને છતાં પૈસે ઉધાર-ઉછીના કરવાનો વારો આવ્યો છે.

## શિહોરી-દિયોદર રોડ ઉપર ગાડી અને બાઇક વચ્ચે અકસ્માતમાં બાઇક ચાલક ગંભીર

(તા.પ્રતિ.) થરા

કાંકરેજ તાલુકાના શિહોરી - દીઓદર રોડ ઉપર આબલીવાસ પાસે બાઈક અને ગાડી વચ્ચે અકસ્માત થવા પામ્યો હતો. અકસ્માતબાદ ગાડી ચાલક ટક્કર મારી રફુચક્કર થઈ જવામાં સફળ રહ્યો હતો. પરંતુ આજુબાજુ ના લોકો એ શિહોરી ૧૦૮ ને જાણ કરતા તાત્કાલિક આવી જતાં શિહોરી સરકારી હોસ્પિટલ મા સારવાર કરી વધુ ઈજા હોવાથી પાટણ ની જનતા હોસ્પિટલ મા વધુ સારવાર


યશપાલસિંહ વાઘેલા

માટે ખસેડાયા હતાઈ જા ગ્રસ્ત ભાભર નો ૨૫ વર્ષીય યુવાન રાઠોડ મહીપતસિંહ બલુભા હોવાનું જાણવા મળ્યું હતું આમ શિહોરી દીઓદર રોડ ઉપર ગાડી ચાલક બાઈક ને ટક્કર મારતા ગંભીર રીતે ઘવાયો હતો. જો કે સમાચાર લખાય ત્યાં સુધી કોઈ ફરિયાદ નોંધાઈ નહોતી. આમ શિહોરી દીઓદર રોડ ઉપર બેફામ દોડતા ભારે વાહન ચાલકો દ્વારા આવા અકસ્માતો થવાના બનાવો સામે આવે સે ત્યારે શિહોરી દીઓદર નાળા પાસે પોલીસ પોઇન્ટ મૂકાય તો આડે ધડ અને બે ફામ ચાલતા વાહન ચાલકો ઉપર કાબૂ મેળવી શકાય. ત્યારે તંત્ર દ્વારા આવા પગલાં ભરશે કે કેમ ? તે જોવું રહ્યું.

## બનાસકાંઠામાં કથળતું પ્રાથમિક શિક્ષણ : અપડાઉન અને અન્ય ધંધાર્થે સંકળાયેલ શિક્ષકોના લીધે અંધકાર યુગનો આરંભ

### ચાલુ વર્ગખંડમાં ખાતાકીય પરીક્ષા વાંચન કરતા શિક્ષકોની તપાસ થશે

તા.પ્રતિનિધિ ભાભર

ગુજરાત રાજ્યમાં સૌથી બદતર સ્થિતિ પ્રાથમિક શિક્ષણક્ષેત્રે સાવ દિન પ્રતિદિન કથળી રહી છે. રાજ્યમાં મોટો જિલ્લો બનાસકાંઠા શિક્ષણક્ષેત્રે સાવ વિપરીત સ્થિતિમાં છે. કુલ ચૌદ તાલુકાના મોટા ભાગના શિક્ષકો અપડાઉનને મહત્વ આપી સમયના ટકોરે પરાણે કરવા પડતા શિક્ષણના કામોમાં મંડાઈ વર્ગમાં બાળકને સારૂં શિક્ષણ આપવામાં ઊણપવાળા સાબિત થયા છે. ચાલુ શૈક્ષણિક કાર્યમાં ઉચ્ચ અભ્યાસ અને ખાતાકીય પરીક્ષાઓના સાહિત્યનું વાંચન કરતા હોય છે. વહીવટી તંત્રમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધીકારી બીટ કે.ની.ઓ શિક્ષણક્ષેત્રે કાચા સાબિત થાય છે.

વર્ષો પહેલા તાલુકા શિક્ષણ મથકે ઊભી કરાયેલ ટીપીઈઓની કેડરમાં ભરતી કરાયેલ નથી અને તાલુકા મથકનો પાયાના શિક્ષણનો દારામદાર સાંભળતા બીટ કેનીઓ દ્વારા આજે કેટલીય શાળાઓના વાર્ષિક તપાસણી કરાયેલ નથી. શિક્ષકોના સેવાપોથીની નોંધથી માંડી વહીવટી કેટલાય કામો આજે જૈસે થે ની સ્થિતિમાં જિલ્લાભરમાં બાકી છે. વિદ્યાર્થીઓના ભોગે રાજકારણમાં જોડાયેલ કેટલાય શિક્ષકો રાજનેતાઓના સાણસામાં પડી શિક્ષણકાર્ય નેવે મુકી ચૂંટણીઓથી માંડી અન્ય વહીવટોના પતાવટમાં રાચે છે જેની અસર આવનારી પેઢી માટે બહુ પીડાદાયક છે. જિલ્લા વહીવટીતંત્ર વહીવટી બદલીઓ અને મલાઈદાર શિક્ષણના કામોમાં રચ્યું- પચ્યું રહે છે. પેન્શન આધારિત શિક્ષકોને આજેય નિવૃત થયા પછી છ માસ કે વધુ સમય સુધી નાણાકીય હકની રકમ મેળવવા આંખમાં આંસુ સાથે જિલ્લા કચેરીના ધરમ ધક્કા ખાવા પડે છે. ફક્ત કાગળો પર વાહવાહી લુટતા બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાં શૌચાલય, મેદાન અને વર્ગખંડોની સમસ્યાના પ્રશ્નો વિધાનસભામાં દર વર્ષે ગાજે છે. રાજકીય વગદાર શિક્ષકોને વ્હાલા પુત્ર સમાન સાચવી જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ પણ આવા શિક્ષકોને પૂછી શિક્ષણના નિર્ણયો લેતા હોય છે જે સાબિત કરે છે કે બનાસકાંઠા જિલ્લાની પાયાના શિક્ષણક્ષેત્રે ખોટી ગુલબાંગો પુકારી સબસલામતના દાવા કેટલા **અનુસંધાન પાના નં.૬**

# ધાનેરાના ધાખા ગામે મનરેગાની કામગીરીમાં ગેરરિતીનો આક્ષેપ

### ખુદ ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા રજુઆત છતાં કોઈ કાર્યવાહી નહી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના ધાખા ગામમાં સરપંચ અને તલાટીની મીલી ભગતથી મોટા પાયે ગેરરિતી આચરવામાં આવતી હોવાનું ખુદ ગ્રામ પંચાયતના કેટલાક સભ્યો જ આક્ષેપ કરી રહ્યા છે. અને તે બાબતની લેખીત રજુઆત પણ તાલુકા પંચાયતમાં કરવામાં આવી છતાં કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી.

ધાનેરાના ધાખાગામમાં સરકારની મનરેગા યોજનામાં


એન.કે.મોદી

બેરોજગાર લોકોને રોજગારી માટે કામગીરી કરવાની હોય છે. ત્યારે ધાખા ગામના સરપચ દ્વારા આ કામગીરી માટે ખોટી હાજરી ભરીને ખોટી રીતે આ કામગીરી જે.સી.બી. મશીનથી કરવામાં આવતી હોવાની રજુઆત ગ્રામ પંચાયતના જ કેટલાક સભ્યો દ્વારા તાલુકા પંચાયતમાં આજથી ૧૦ દિવસ અગાઉ કરવામાં આવી હતી. પરંતુ ગેરરિતીમાં ભાગ રાખનારા તાલુકા પંચાયતના **અનુસંધાન પાના નં.૬**

# અંકલેશ્વરની એ - વન કેમીકલમાંથી ભૂતિયુ કનેક્શન ઝડપાયું





### જીપીસીબીએ રિપોર્ટ ગાંધીનગર વડી કચેરીએ મોકલી આપ્યો

અંકલેશ્વર

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ એ-વન કેમીકલમાંથી ભૂતિયુ કનેક્શન પકડાતા અંકલેશ્વરની ઈન્ડસ્ટ્રીઝમાં ચર્ચાનો વિષય બન્યો છે. હજુ કેટલા ભૂતિયા કનેક્શનોની જાળ એસ્ટેટમાં પથરાયેલી છે. તે ચર્ચાનો વિષય બની છે.

અંકલેશ્વર જીઆઈડીસીમાં ફીકોમ ચોકડી પાસે આવેલ બીએસએનએલ કાર્યાલયની નજીક પ્લોટ નંબર એ-૧/૪૭૦૨ માં આવેલ એ- વન કેમીકલમાંથી ભૂતીયુ કનેક્શન મળ્યું છે. જેને લઈને ઉદ્યોગ આલમમાં ચહલપહલ મચી ગઈ છે. એનસીટીમાં જતા એફ્લુઅન્ટની ક્વોન્ટીટીમાં થઈ રહેલો વધારો અને સીઓડી અને એમોનિકલ નાઈટ્રોજનની માત્રામાં થઈ રહેલા વધારાના અનુસંધાનમાં જીપીસીબી દ્વારા શંકાસ્પદ સ્પોટ ઉપર તપાસ ઘનિષ્ટ બનાવાતા ભૂતિકા કનેક્શનો ઝડપાઈ રહ્યા છે. આવી જ એક ઘનિષટ તપાસમાં શંકાના આધારે એ- વન કેમીકલનું ભૂતિયું કનેક્શન ઝડપાઈ ગયું હતું એવન કેમીકલની ઉત્તર દિશામાંથી **અનુસંધાન પાના નં.૬**

## બનાસકાંઠા જિલ્લામાં પોલીયો રવિવાર



૧૧ મી માર્ચને રવિવારના રોજ બાળકોને પોલીયો વિરોધી રસીના આ વધારાના બે ટીપા પીવરાવીને બાળકોને અપંગ થતા બચાવવા માટે સવારના ૮ કલાકથી ૦ થી ૫ વર્ષના બાળકોને ડોઝ પીવડાવવામાં આવ્યા હતા. બનાસકાંઠામાં પોલીયો રવિવાર નિમિતે ઠેરઠેર પોલીયોના ડોઝ બાળકોને પીવડાવ્યા હતા.

# થરાદમાં એક મહિનાથી ડહોળું પાણી આવતાં હાલાકી

### નગરના મુખ્ય બજારમાં વેપારીઓ અને રહીશો મજબુર

(પ્રતિ.) થરાદ

થરાદ શહેરના મુખ્ય બજારમાં હનુમાન મંદીરથી પાલિકા તથા ડૉ માધુના દવાખાનાં સુધીના વિસ્તારમાં એક વર્ષથી નળમાં ગંદુ પાણી આવવાના કારણે રહીશો તથા વેપારીઓને ના છુટકે ડહોળા પાણીનો ઉપયોગ કરવો પડી રહ્યો છે.આ અંગે વેપારીઓએ જણાવ્યું હતુંકે પાલિકામાં મૌખિક રજુઆત કરીને ધ્યાન દોરવા છતાં પણ કોઇ પગલાં ભરવામાં આવતાં નથી આથી નગરજનોમાં રોષની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે.

થરાદ શહેરના બળીયા હનુમાનથી નગરપાલિકા અને ડૉ માધુ સાહેબની શેરીના વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી નગરપાલિકા દ્વારા આપવામાં આવતું પાણી એકદમ ડહોળું અને વાસ મારતું આવતું હોવાના કારણે આ વિસ્તારના રહીશોમાં ભારે રોષ અને આક્રોશની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે.વેપારી યુનુસશા એ જણાવ્યું હતુકે બળીયા હનુમાનથી નગરપાલિકા અને ડૉ માધુ સાહેબના દવાખાના સુધીના વિસ્તારમાં મસ્જીદ તથા પચાસેક ઘર અને


(વિષ્ણુ દવે)

બસ્સો જેટલા લારી સોડા તથા ફરસાણના વેપારીઓની દુકાનો આવેલી છે. આ વેપારીઓ તથા રહીશોને ન છુટકે આવા ગંદા પાણીનો વાપરવા માટે તથા ડહોળ હેઠી બેસે ત્યારે તેનો પીવા માટે પણ ઉપયોગ કરવો પડેછે.જેના કારણે રહીશોનું આરોગ્ય જોખમાવાની પણ **અનુસંધાન પાના નં.૬**

### કાંકરેજ તાલુકાના તાણા ચામુંડા માતાજીના મંદિરે મહર્ષી ચાણક્ય યુવા મંડળની મિટીંગ યોજાઇ

(તા.પ્રતિ.) થરા

કાંકરેજ તાલુકાના વિકાસશીલ થરાને અડીને આવેલ તાણા ગામે આવેલ ચામુંડા માતાજી ના મંદિરે અનેક ધાર્મિક કાર્યો જેવા કે ઉજાણી, ધાર્મિક કે રાજકીય મીટીગો, ભજન સત્સંગ, વગેરે કાર્ય થાય છે તાણા ના તળાવની પાળે બિરાજમાન શ્રી ચામુંડામાતાજીના મંદીરે મહર્ષી ચાણક્ય યુવા મંડળની મિંટીગ યોજાઇ હતી.તેમાં મંડળની અંદર બ્રહમ સમાજ દરેક સમાજને નેર્તત્વ પુરુ પાડ્તો સમાજ છે. સમાજમાં એક સારા લીડરની જરુર છે. આજના સમયમાં એક **અનુસંધાન પાના નં.૬**

## પાલનપુર પંથકમાંથી ૨ ઓવરલોડ ટ્રકો ઝડપાઇ


સંજય જોષી

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ખનીજ ચોરી કરતા ઓવરલોડ વાહનોની હેરાફેરીની ફરિયાદો વધી છે. ત્યારે આજે જિલ્લા કલેક્ટર અને પાલનપુર મામલતદારએ ૨ ઓવરલોડ ટ્રકો ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જિલ્લામાં રોયલ્ટી ચોરી કરતા ઓવરલોડ વાહનો સામે વ્યાપક ફરિયાદો ઉઠી છે. ત્યારે આજે જિલ્લા કલેક્ટર દિલીપ કુમાર રાણા અને પાલનપુર મામલતદાર માધુભાઈ પ્રજાપતિ એ પાલનપુર-અંબાજી હાઈવે અને ચંડીસર હાઈવે પરથી ૨ ઓવરલોડ ટ્રકોને ઝડપી લીધી હતી. આ બંને ટ્રકોને કબ્જે કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાતા ખનીજ ચોરી કરતા લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# વડગામ બસ સ્ટેન્ડ ઉપર પાણીની પરબ શરૂ કરાઈ


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

ગતવર્ષની જેમ વડગામ બસસ્ટેન્ડ ચોકમાં સદભાવના ગૃપ દ્વારા મિનરલ વોટર પીવાના પાણીની પરબનું ઉદ્દ્ઘાટન ગઈકાલ રવિવારે કરાયું હતું. ઉનાળાના ધોમધાખતા તાપમાં પીવાનું ઠંડું મિનરલ વોટરની પરબ શરૂ કરાતા મુસાફર જનતાએ આવકાર દાયક અભિગમ ગણાવ્યો હતો.

આ પ્રસંગે હરેશભાઈ ચૌધરી, કાનજીભાઈ એલ. પટેલ, ડો.અતુલભાઈ ચૌધરી, હિતેશભાઈ ચૌધરી, દેગ્ધ વિજયસિંહ રાજપુત, ધવલભાઈ બારોટ, સહિત ગામના સેવાભાવી યુવાનો અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત્ રહ્યા હતા. ઉનાળાનું સિઝનમાં કુલ પચાસ મિનરલ વોટરની પરબો શરૂ કરવાનો **અનુસંધાન પાના નં.૬**






# સ્માર્ટ ફોન અને ઈલેક્ટ્રોનિક આઈટમો પર્યાવરણ માટે જોખમી

(જી.એન.એસ) ન્યુ દિલ્હી

દુનિયામાં જેમ જેમ સ્માર્ટ ફોનની સંખ્યા વધતી જાય છે એમ એ પર્યાવરણ માટે જોખમી બનતા જાય છે. સ્માર્ટ ફોન, લેપટોપ, ટેબ્લેટ્સ અને ડેસ્ક ટોપ તથા ડેટા સેન્ટરો અને કમ્યુનિકેશન નેટવર્ક્સના ફેલાવાના આધારે આ વિશે સ્ટડી હાથ ધરવામાં આવ્યો હતો. મોબાઈલ ફોન વાપરવા માટે માણસોને વધારે વીજળીની જરૂર પડતી નથી, પણ મોબાઈલ હેન્ડસેટ બનાવવા માટે વધારે વીજળી વપરાય છે.

સ્માર્ટ ફોન બનાવવા માટે જમીનમાંથી રેર મેટલ્સ કાઢવા પડે છે. સ્માર્ટ ફોનની ચિપ, મધર બોર્ડ અને બોડી બનાવવા માટે એનો ઉપયોગ થાય છે અને એમાં વધારે વીજળી વપરાય છે. ડેટા સેન્ટરો અને કમ્યુનિકશન નેટવર્કસને ચોવીસ કલાક કાર્યરત રાખવા માટે પણ વીજળીની જરૂર પડે છે. વળી દર બે વર્ષે સ્માર્ટ ફોનનાં મોડલ બદલાય એટલે જૂના ફોન ફેંકી દેવામાં આવે છે.

એવું જ કમ્પ્યૂટર, લેપટોપ અને ટેબ્લેટ્સમાં પણ બને છે. જો આ રીતે ઈલેક્ટ્રોનિક્સ વેસ્ટ જનરેટ થતો રહેશે તો ૨૦૪૦માં એ પર્યાવરણ માટે ખતરો ઊભો કરશે એમ સ્ટડીમાં ચેતવણીના સૂરમાં કહેવામાં આવ્યું છે.

# બ્લોકેજ હોય ત્યારે શું કરાવશો? એન્જિયોપ્લાસ્ટી કે બાયપાસ સર્જરી?

**આરોગ્ય સંહીતા**

બ્લૉકેજ સમયે સ્ટેન્ટ મૂકાવીને એન્જિયોપ્લાસ્ટી કરાવવી કે બાયપાસ સર્જરી કરાવવી એ એક મહત્વનો નિર્ણય હોય છે. આ નિર્ણય કેવળ ડોક્ટરો નથી લેતા. તેઓ દરદીનો કે તેના પરિવારનો મત પણ માગતા હોય છે. આવા સમયે સુઝબુઝ સાથે નિર્ણય લેવો જરૂરી છે

બાવન વર્ષનાં માલતી બહેનને માઈનર હાર્ટ-અટૅક આવ્યો. આખો પરિવાર તાત્કાલિક તેમને હૉસ્પિટલમાં લઈ ગયો. ડૉક્ટરે તપાસીને કહ્યું કે અટૅક તો નાનકડો હતો, પરંતુ બ્લૉકેજ ઘણું ફેલાયેલું દેખાઈ રહ્યું છે. ત્રણ જુદી-જુદી જગ્યાએ બ્લૉકેજ છે. એક જ

આભાર - નિહારીકા રવિયા

નળીમાં બે બ્લૉકેજ છે અને એની પાસેની નળીમાં ત્રીજું. ડૉક્ટરે દરદીને વ્યવસ્થિત સમજાવ્યું કે આ પરિસ્થિતિમાં જો દવાઓ પર જ રહ્યાં તો મેજર અટૅક આવવાની શક્યતા ૫૦-૬૦ ટકા જેવી રહે. માટે જરૂરી છે કે કોઈ તો પ્રોસિઝર કરવી જ રહી જેમાં બે ઑપ્શન છે- એક સ્ટેન્ટ નાખવી હોય તો એ અને બીજો બાયપાસ સર્જરી. તમને શું કરવું છે એ નિર્ણય લઈ લો. પરિવારના લોકોએ ડૉક્ટરને પૂછયું કે આમાં શું કરાય તો ડોક્ટરે કહ્યું કે બન્ને કરાવી શકાય. સ્ટેન્ટમાં ઓછી પ્રોસિઝર છે. અત્યારે ઍન્જિયોગ્રાફી તો કરી જ છે એની સાથે ઍન્જિયોપ્લાસ્ટી થઈ જશે અને બાયપાસ એક સર્જરી છે. ઘરના લોકોને પણ લાગ્યું કે ઓછી પ્રોસિઝરવાળી વસ્તુઓ કરાવો તો સારું. માલતી બહેન તો એટલાં ગભરાઈ ગયાં સર્જરીનું નામ સાંભળીને કે તેમને લાગ્યું કે કંઈ જ નથી કરાવવું. ડૉક્ટરે તેમને વ્યવસ્થિત માહિતી આપી પછી તે તૈયાર થયાં. ડૉક્ટરે સમજાવ્યું કે માલતી બહેનને ત્રણ સ્ટેન્ટની જરૂર પડશે. આ ત્રણ સ્ટેન્ટ લગાવવાનો અને બાયપાસ સર્જરીનો ખર્ચ લગભગ સરખો હતો. ઊલટું સ્ટેન્ટનો ખર્ચ વધી જતો હતો, પરંતુ માલતી બહેન અને તેમના પરિવારને ખર્ચ કરતાં એ વધુ યોગ્ય લાગ્યું કે પ્રોસિઝર કરવી નહી પડે એટલે તેમણે સ્ટેન્ટ નખાવવાનું જ પસંદ કર્યું. એક વર્ષ તો વાંધો ન આવ્યો, પરંતુ દોઢ વર્ષમાં જે જગ્યાએ સ્ટેન્ટ હતી એ જ નળીમાં બાજુમાં બીજું બ્લૉકેજ ઊભું થઈ ગયું અને ફરી સ્ટેન્ટ નખાવવાની જરૂર ઊભી થઈ. ઘરમાં પ્રસંગ હતો એટલે માલતી બહેને એક મહિનો સ્ટેન્ટ વગર જ કામ ચલાવવાનું કહ્યું. એક મહિના પછી ઍન્જિયોગ્રાફી ફરી કરવામાં આવી ત્યારે ખબર પડી કે એક નહી, બીજી બે જગ્યાએ સ્ટેન્ટ નાખવી પડશે. આ વખતે માલતી બહેનને ડૉક્ટરે કહ્યું કે હવે તમે સ્ટેન્ટ રહેવા દો અને સર્જરી જ કરાવી લો. આમ ઍન્જિયોપ્લાસ્ટીના આશરે દોઢ વર્ષ પછી ફરીથી તેમણે બાયપાસ કરાવી. હવે તે ઠીક છે.

બ્લૉકેજ હોય ત્યારે હાર્ટ-અટૅક અને હાર્ટમાં બ્લૉકેજ આ બન્ને શબ્દો જાણે કે અત્યંત સામાન્ય થઈ ગયા છે. દરેક પરિવારમાં એક તો હાર્ટ-પેશન્ટ જોવા મળતો જ હોય છે. આ બાબતે વાત કરતાં એક જાણીતા કાર્ડિયોલૉજિસ્ટ કહે છે, 'જો અમુક ચિહ્નોને ઓળખી શકાય તો બ્લૉકેજને અટૅક આવતાં પહેલાં જ ઓળખી શકાય છે, પરંતુ જે લોકો ચિહ્નો ઓળખતાં નથી તેમને અટૅક આવે છે. હાર્ટ-અટૅકનું કારણ હાર્ટની નળીમાં આવતું બ્લૉકેજ છે જેને લીધે હાર્ટને લોહી પૂરું પહોંચતુ નથી અને હાર્ટ-અટૅક આવે છે. અટૅક આવે તો ભવિષ્યમાં ફરીથી અટૅક ન આવે એ માટે બ્લૉકેજને હટાવવું જરૂરી છે. જો અટૅક આવતાં પહેલાંથી જ ખબર પડી જાય કે બ્લૉકેજ છે તો એ બ્લૉકેજને હટાવી અટૅકને આવતો રોકી શકાય છે. આ બ્લૉકેજને હટાવવા માટે આપણી પાસે અત્યારે બે પ્રકારની પ્રક્રિયા છે. એક સ્ટેન્ટ વાપરીને કરાતી ઍન્જિયોપ્લાસ્ટી અને બીજી બાયપાસ સર્જરી.' બન્નેમાં તફાવત મોટા ભાગે માલતી બહેનના કેસમાં જેમ થયું એમ ડૉક્ટર બ્લૉકેજ હોય ત્યારે તમને ચૉઇસ આપે છે કે તમારે ઍન્જિયોપ્લાસ્ટી કરવી છે કે બાયપાસ સર્જરી. આ બન્ને વિશે સાધારણ રીતે સમજીએ તો ઍન્જિયોપ્લાસ્ટીમાં જે નળીમાં બ્લૉકેજ છે એ નળીમાં બલૂન વાપરીને જગ્યા કરવામાં આવે છે અને એ બ્લૉક થઈ ગયેલી નળી પર સ્ટેન્ટ બેસાડવામાં આવે છે જેનાથી બ્લૉકેજ ખૂલી જાય છે અને લોહી સરળતાથી પસાર થઈ જાય છે. બાયપાસ સર્જરીમાં જે નળી પર બ્લૉકેજ હોય છે એ નળી પર કંઈ ખાસ કરવામાં નથી આવતું, પરંતુ એની બાજુમાંથી એક બીજી નળી પસાર કરવામાં આવે છે જે જરૂરી લોહી હૃદય સુધી પહોંચાડે છે. આમ ભવિષ્યમાં જે નળી બ્લૉક છે એ વધુ બ્લૉક થાય તો પણ હાર્ટને અસર નથી પહોંચતી.

ભવિષ્યમાં એટૅક આવવાની શક્યતા ઘણા લોકોને લાગે છે કે ઍન્જિયોપ્લાસ્ટી થઈ છે કે બાયપાસ સર્જરી કરી છે તો હવે ભવિષ્યમાં અટૅક ન આવી શકે. એ હકીકત નથી. એ વિશે સમજાવતાં એક ડોક્ટર કહે છે, 'ઍન્જિયોપ્લાસ્ટી કે બાયપાસ સર્જરી ભવિષ્યમાં આવનારા અટૅકનું રિસ્ક ઘટાડે છે, પરંતુ રિસ્કને ખતમ નથી કરતી. રિસર્ચ સાબિત કરી ચૂક્યાં છે કે જો તમે મેડિસિન પર હો તો બીજો અટૅક આવવાની શક્યતા ૧૨-૧૫ ટકા જેટલી રહે છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# ગુદાના વાઢીયા, મટાડવા સહેલા

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

સ્વચ્છતા ની જેટલી જરૂર ઘરમાં છે, કપડા માં છે, હાથ - પગ - નાક - કાન - દાંત- ને માથા માટે છે તેથીય અધિક જરૂર મળ માર્ગ, મૂત્ર માર્ગ માટે છે.

ગુદાના સ્થાને સ્વચ્છતાના અભાવે, કબજિયાતના કરને, કડક સ્થાને વધુ બેસી રહવાને કારણે, પાચન બગડવાથી, દારૂ- બીડી- તમાકુ- સોપારી- ગુટખાના સેવનથી, ઘી, દૂધ, છાસનું સેવન યોગ્ય પ્રમાણમાં નહિ કરવાથી ગુદાના ભાગે વાઢીયા- ચીરા થાય છે. પરંતુ આ બધામાં મુખ્ય કારણ છે સ્વચ્છતાનો અભાવ. ગુદાના ચીરા થયા પછી પણ યોગ્ય કાળજી, સ્વચ્છતા, જીવાણું રહિતતા નહિ કરવાથી મહા ભયંકર તેવો ભગંદર રોગ થાય છે.

ગુદાના સ્થાનને હિન્દીમાં મૂળ સ્થાન કહેવાય છે. કારણ કે ત્યાં અપાન વાયુ અને આખા શરીરમાં ફરતા રહેલા વાયુનું સ્થાન છે અને તેથી ત્યાં થતા નાનકડા રોગમાં પણ થતી પીડા અતિ અધિક હોય છે. અને આ પીડાને મટાડવા તાત્કાલિક ઓપરેશન કરાવવા કોઈપણ તૈયાર થઈ જાય તે સ્વાભાવિક છે. પરંતુ થોડીક કાળજી રાખવામાં આવેતો આ મૂળ સ્થાનના રોગો...... વાઢીયા, મસા, લોહી પડવું, દુઃખાવો, બળતરા, ખંજવાળ, મરડો, મળમાં ચીકાશ આવવી, કબજિયાત કે ઝાડા પણ મટાડવા સહેલા છે. હા.. ભગંદર માટે ઓપરેશન કરાવવું પડે તે તો ચરક પણ કહે છે.

- સ્વચ્છતાઃ ગુદાના સ્થાનની એક ઈંચના ઘેરાવામાં રહેલી ચામડીમાં કરચલી ઘણી હોયછે. તે કરચલીમાં મળના કણ ભરાઈ રહેવાથી ગુદાના સ્થાને ચીરા, વાઢીયા, ખંજવાળ અને દુઃખાવો તથા ક્યારેક લોહી પડવાનું બનેછે. ... ત્યારે લીમડાના પાનથી ઉકાળેલા પાણીમાં વારંવાર બેસવાથી તે-તે સ્થાન ચેપ રહિત બનેછે, ચામડી કૂણી બને છે. ત્યારબાદ ત્યાં લીંબોળી તેલ કે દીવેલને સહેજ ગરમ કરીને માલીશ કરવું જોઈએ.
- લીમડાની લીંબોળીની મીંજઃ- મળ માર્ગના રોગો માટે, ચામડીના રોગો માટે આ મીંજ ઉત્તમ ઔષધ છે. આ મીંજા ૫ થી ૧૦ દાણા ચાવી ને દરરોજ મસા કે વાઢીયાના દર્દીએ ખાવા જોઈએ.
- ઘૃતપાનઃ - ઘી એટલે જ દેશી ગાયનું વલોણાનું ઘી. મળ અને મૂત્ર માર્ગના મોટા ભાગના રોગો ઘી ખાવાથી જ નહિ પણ ઘી પીવાથી મટાડી શકાય છે. અમે વૈદ્યો આવા દર્દને માટે... ત્રિફલા, ગળો, અરડુષી, દાડમ, ચાંગેરી, શતાવરી, લીંબડો જેવી ઔષધી થી સિદ્ધ કરીને તૈયાર કરેલ ઘી પીવડાવીને દર્દ દૂર કરીએ છીએ. પરંતુ દર્દી ઘરેલું ઉપાય તરીકે પણ જો ગાયનું ઘી પાચનને અનુરૂપ દરરોજ પીવાનું રાખે તો પણ આવા દર્દો થશે નહિ ને થયા હશે તો ઝડપથી મટશે.
- **હરડેઃ**

અર્શો વિકારે વિજયા પરં ન મસા અને તેની આજુબાજુના વાઢીયા, કબજિયાત, મરડો જેવાં રોગો મટાડવા માટે હરડેથી ઉત્તમ કોઈ ઔષધ નથી. હરડે એ પાચન કરનારું ઔષધ છે, આમદોષનું પાચન કરીને, વાયુનું અનુલોમન કરેછે. તેથી વૈદ્યના માર્ગદર્શનથી હરડે, ત્રિફલા, ગુગળ, શતાવરી, જેઠીમધ કે ઔષધ યુક્ત ઘી લેવાથી મસા, વાઢીયા કાયમી માટે મટેછે...

- **રૂઝ લાવનાર, બળતરા**

ગરમી દૂર કરનાર, શીતલ, શામક, લોહી પડતું અટકાવનાર, શક્તિ આપનાર સાથે મળ સાફ લાવનાર, ખંજવાળ મટાડનાર, ખોટી ચરબી દૂર કરે, પાક-પરુને જીવાણું દૂર કરે તેવા આયુર્વેદના ઔષધો વૈદ્ય આપશે ને દર્દ કાયમી દૂર થશે.

**વૈદ્ય મહેશ અખાણી**
**વૈદ્ય પરાશર મ. કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# નવી ડિવાઈસથી સરળ બની સ્પાઈન સર્જરી

**સાઈકોથેરાપીસ્ટ**

આધુનિક યુગમાં કમરનો દુઃખાવો એક સામાન્ય સમસ્યા છે જે નાનાથી લઈને મોટેરાઓ સુધીને સતાવે છે. ગંભીર સ્થિતિમાં દુઃખાવાથી છૂટકારો મેળવવા માટે સર્જરી કરવામાં આવે છે. નવી ડિવાઈસ સ્પાઈન સર્જરી માટે વરદાન સમાન છે

આ કમરનો દુઃખાવો શું છે? કરોડરજ્જૂમાં દરેક બે વર્ટિબ્રાની વચ્ચે એક ડિસ્ક હોય છે જે એક શોક-એબ્ઝોર્વરનું કાર્ય કરે છે. ઘસાઈ જતાં આ ડિસ્ક ફેલાઈને બહાર નીકળી જાય છે અને આ કારણે કમરના નીચેના ભાગમાં ભયંકર દુઃખાવો થાય છે. આ દુઃખાવો બન્ને પગ સુધી પણ પહોંચી શકે છે. મોટાભાગના લાકો ખાસ કરીને યુવાઓમાં ડિસ્ક (કમર) દુઃખાવાની ફરિયાદ એક સામાન્ય બાબત બની ગઈ છે. અનિયમિત દિનચર્યા ડિસ્ક (કમર)ના દુઃખાવાનું મુખ્ય કારણ આજકાલની અનિયમિત દિનચર્યા છે. કમર દુઃખાવો આગળ ઝૂકવાથી, વજન ઉઠાવવાથી, ઝાટકો લાગવાથી, ખોટી રીતે ઉઠવા-બેસવાથી અને સોનાથી, વ્યાયામના અભાવે અને પેટ આગળ નીકળવાના કારણે પણ થઈ શકે છે. ચેનની માફક હોય છે કરોડરજ્જુ કરોડરજ્જુની બનાવટ સાયકલની ચેન સમાન લચકદાર હોય છે. આ લચીલાપણાના કારણે જ વ્યક્તિ માટે આગળ-પાછળ, ડાબે-જમણે ઝૂકવાનું શક્ય બની શકે છે. સ્પાઈન સમગ્ર શરીરમાં ૩૩ ભાગમાં વહેંચાય છે. દરેક ભાગને વર્ટીબ્રા કહે છે. દરેક બે ખંડ વચ્ચે એક ડિસ્ક હોય છે જે બે વર્ટીબ્રાને હુકની જેમ જોડીને રાખે છે. કરોડરજ્જુની પાછળ સ્પાઈનલ કેનાલ હોય છે જેની અંદરથી નસો મગજથી પગ તરફ પસાર થાય છે. સ્પાઈન જેનું પોતાનું વજન ઘણું ઓછુ હોય છે અને ડિસ્ક અત્યંત વ્યસ્થિત રીતે ફિટ રહે છે. કોઈ કારણસ વર્ટીબ્રાની આગળની દિશા પેટની તરફને બદલે પીઠ તરફ ખસકે છે ત્યારે દરદી માટે અત્યંત ઘાતક હોય છે. સૌથી મજબૂત કમર છે મનુષ્યના શરીરમાં કમરને સૌથી મજબૂત ભાગ માનવામાં આવે છે. આપણી કમરની બનાવટમાં હાડકાં, કાર્ટિલેજ (ડિસ્ક), સાંધા, માંસપેશીઓ, લિગામેંટ અને નસો વગેરે તમામ સામેલ છે. તેમાંથી કોઈ એક પણ વિકારગ્રસ્ત થતાં કમરનો દુઃખાવો ઉત્પન્ન થઈ શકે છે. મેકેનિકલ કારણોની સાથે ટીબીથી લઈને કેન્સર સુધી કોઈ પણ કારણસર દુઃખાવો થઈ શકે છે. કમરના દુઃખાવાનો શિકાર પુરૂષો કરતાં વધારે મહિલાઓ હોય છે જેનું મુખ્ય કારણ હોય છે કે કમરની માંસપેશીઓની નબળાઈ અને વિકાર. લક્ષણો કમરના દુઃખાવાને લગતી બીમારીઓને પ્રાયઃ લક્ષણો છે પગમાં ઝણઝણાટી, નબળાઈનો અહેસાસ કે ગભરામણ, પેશાબમાં તકલીફ, ચાલવાથી પગનો દુઃખાવો વધવો, ઝૂકવાથી કે ખાંસવાથી સમગ્ર પગમાં કરંટ જેવું લાગવું વગેરે. અનેક વખત દરદીની ચાલ દારૂડિયા જેવી થઈ જાય છે. કમરના દુઃખાવાના અનેક મુખ્ય કારણો છે. આ તમામ કારણો અનેક કરોડરજ્જુ સંબંધી બીમારીઓને જન્મ આપે છે જેમ કે સ્પોન્ડિલાઈટિસ, સર્વાઈકલ, ટીબી, કમરમાં ટ્યૂમર, સ્લિપ ડિસ્ક વગેરે. સ્લિપ ડિસ્ક તેમાં એક અત્યંત ગંભીર સમસ્યા બની ગઈ છે. આજે અનેક પ્રયોગાત્મક રીતે કરોડરજ્જુના વિકારોનો ઈલાજ કરવામાં આવે છે. ન્યુરો અને સ્પાઈન સર્જરીના ક્ષેત્રમાં એક નવી ટેક્નોલોજી છે જે સતનામ ડિવાઈસ નામે લોકપ્રિય થઈ રહી છે. તેમણે તેને પેટેન્ટ કરાવી લીધી છે. તેને તેમણે સતનામ ડિવાઈસ ફોર એન્ડોસ્કોપિક ડિસ્ક સર્જરી નામ આપ્યું છે. હવે નાનકડો ચીરો જ પૂરતો છે હવે મિનીમલી ઈન્વેસિવ સર્જરી ૬ મિ.મી.થી નાનકડો ચીરો મૂકવામાં આવે છે. તેને કી હોલ સર્જરી પણ કહેવામાં આવે છે. તેમાં એક નાનકડા પાતળા ટેલિસ્કોપનો ઉપયોગ કરવામાં આવે છે જેને ઈન્ડોસ્કોપ કહેવામાં આવે છે. પ્રભાવિત ભાગ પર એક નાનકડો ચીરો મૂકી ઈન્ડોસ્કોપને અંદર નાખવામાં આવે છે. ઈન્ડોસ્કોપને એક નાનકડા વીડિયો કેમેરા સાથે જોડવામાં આવે છે. તેની મદદથી દરદીનો અંદરનો ભાગ ડોક્ટરને બહાર સ્પષ્ટ રીતે દેખાય છે. ત્યારબાદ જરૂર પ્રમાણે યંત્રો નાખવામાં આવે છે અને પ્રભાવિત ભાગની સર્જરી કરવામાં આવે છે. ત્યારબાદ ચીરા પર ટાંકા લઈ ટેપ લગાવી દેવામાં આવે છે અને તે ઠીક થઈ જાય છે. સાવધાની નરમ કે પોચી પથારી પર ઊંઘવું ન જોઈએ. તેના બદલે સપાટ પલંગ કે સખત જગ્યા પર સૂઓ જેથી કરીને પીઢની માંસપેશીઓને વિશ્રામ મળે. વજનને કદાપિ વધવા ન દો, ભલે એ માટે ડાયટિંગ કે વ્યાયમ પણ કેમ ન કરવું પડે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# વારસાગત છે યુરિયા સાયકલ ડિસઓર્ડર

**મન બિલોરી કાચ**

યુરિયા સાયકલ ડિસઓર્ડર બાળકોમાં મૂ?ત્રના વિકારના સમૂહને કહેવામાં આવે છે. કેટલાક બાળકોને આ બીમારી વારસામાં મળે છે અને બીમારીના આ સમૂહને કારણે તેમનું શરીર પ્રોટીનને પચાવવાની પ્રક્રિયામાં બાકી રહેલા કચરાને બહાર ફેંકવામાં અસમર્થ બની જાય છે. મોટાભાગના કેસોમાં આ બીમારીને દવાઓ અને ડાઈટથી કંટ્રોલ કરી લેવામાં આવે છે.

જ્યારે બાળક પ્રોટીન આરોગે છે ત્યારે શરીર પ્રોટીનને તોડીને તેને એમીનો એસિડમાં તબ્દીલ કરી દે છે. આ એમિનો એસિડને તેનું શરીર જ્યારે જરૂર પડે છે ત્યારે ઉપયોગમાં લઈ લે છે. ઉપયોગ કર્યા બાદ જે બેસ્ટ પ્રોડક્ટ બચે છે તેને શરીરની બહાર ફેંકી દે છે. તેને યુરિયા સાયકલ કહેવામાં આવે છે. એન્જાઈમ બનવાના બંધ થઈ જાય છે બાળકના શરીરનું લિવર આવા એન્જાઈમ પેદા કરે છે જેનાથી વેસ્ટ નાઈટ્રોજન યુરિયામાં તબ્દીલ થઈ જાય છે. આ જ યુરિયા મૂત્ર સાથે જ શરીરમાંથી બહાર થઈ જાય છે. જ્યારે લિવર આવા એન્જાઈમ બનાવવાનું બંધ કરી દે છે જેનાથી વેસ્ટેજ મટેરિયલ ઠેકાણે પડે છે ત્યારે નાઈટ્રોજન નીકળવાનું બંધ થઈ થાય છે અને એમોનિયા બની બ્લડમાં એકત્રિત થવા લાગે છે. નાઈટ્રોજન અને એમોનિયા જેવા ઝેરી તત્વો એકત્રિત થઈ બ્રેન ડેમેજનું કારણ બની જાય છે અને દરદી કોમામાં પણ ચાલ્યો જાય છે. ૩૦થી ૩૫ હજાર નવજાત પૈકી એકને થાય છે યુરિયા સાયકલ ડિસઓર્ડરની ફરિયાદ દરેક જન્મનારા ૩૦થી ૩૫ હજાર બાળકો પૈકી એકને રહે છે.

યુરિયા સાયકલ ડિસઓર્ડરને આઠ અલગ-અલગ વર્ગોમાં વિભાજિત કરવામાં આવે છે. વારસામાં મળે છે આ રોગ માતા-પિતાના ડિફેક્ટિવ જીન્સ બાળકોને ટ્રાન્સફર થતાં આ બીમારી પણ ટ્રાન્સફર થઈ જાય છે. આપણે આપણા પાલકો પાસેથી જીન્સની બે કોપીઓ મેળવવાની હોય છે. કોઈ પણ એક પેરેન્ટ્સના જીન્સમાંથી વિકાર બાળકોના શરીરમાં ટ્રાન્સફર થઈ જાય છે. મોટાભાગના યુરીન સાયકલ ડિસઓર્ડર મામલાઓમાં દરદીને માતા એ પિતા બન્નેના ડિફેક્ટિવ જીન્સ પ્રાપ્ત થાય છે.

**લક્ષણો** :૧ બાળક ચીડિયુ બની જવું ૨. હંમેશા આળસુ અને શિથિલ રહેતું હોય ૩. સ્તનપાન ન કરી શકતું હોય ૪. ઉલટી કરતું હોય ૫. શરીરનું તાપમાન ઓછુ રહેતું હોય ૬. પોશ્ચર ખરાબ હોય ૭. ખેંચ આવતી હોય ૮. શ્વાસ ઝડપથી ચાલતા ધીમો પડી જતો હોય ૯. બાળક કોમામાં સરકી ગયું હોય આંશિક સમસ્યા બાળકને યુરિન સાયકલ ડિસઓર્ડરની આંશિક સમસ્યા પણ હોઈ શકે છે. બાળકનું શરીર અમુક માત્રામાં એન્ઝાઈમ તો બનાવે છે પરંતુ એટલી માત્રામાં નહીં જેનાથી શરીર સ્વસ્થ રહી શકે. આવી સ્થિતિમાં યુરિન સાયકલ ડિસઓર્ડરની સમસ્યાના લક્ષણો મહિનાઓ સુધી તથા અનેક કેસોમાં તો વરસો સુધી પકડાતા નથી. ઈલાજ યુસીડી એક જીવલેણ સમસ્યા છે. તેમાં ઈલાજમાં વિલંબ ન કરો. ડોક્ટરો બાળકોના શરીરના એમોનિયા કાઢવા માટે ડાયાલિસિસ સુધી કરાવી શકે છે. વધારાનું નાઈટ્રોજન કાઢવા માટે દવાઓ આપી શકે છે. લાંબાગાળાના ઈલાજથી યુરિન સાયકલ ડિસઓર્ડરના લક્ષણોને નિયંત્રણમાં રાખી શકાય છે. એ સ્થિતિમાં બાળકોને આજીવન લોહીમાં એમોનિયાના પ્રમાણની તપાસ કરાવતા રહેવું પડશે. સાથે જ કેલોરીની વધારે માત્રા પણ બાળકોને આપતી રહેવું પડશે જેથી કરીને તેના શરીરને પર્યાપ્ત માત્રામાં ઈંધણ મળતું રહે.

# સંચણ વાળું પાણી આ સમયે પીવાથી મળશે આવા ૪ લાભ

મોટાભાગના ઘરોમાં સંચણનો ઉપયોગ સલાદનો સ્વાદ વધારવા માટે વપરાય છે.પરંતુ કાળા મીઠુંનો ઉપયોગ સલાડના સ્વાદને વધારવા તેમજ ઘણા રોગો દૂર કરવા માટે કરવામાં આવે છે.આયુર્વેદ અનુસાર, કાળા મીઠું પાણીનું આરોગ્ય આજે આપણા માટે તે ખૂબ લાભદાયી છે તેથી અમે તમને કાળા મીઠુંના પાણી પીવાના લાભો કહીએ છીએ.

આવો જાણીએ તેના વધુ ૪ લાભો

૧. પેટની સમસ્યા દૂર કરવા માટે સંચણ ખૂબ જ ગુણકારી છે. એક ગ્લાસ હૂંફાણા પાણીમાં અડધા ચમચી કાળા મીઠું મિકસ કરી પીવાથી પેટમાં ગેસ, કબજિયાતની સમસ્યા ઓછી થાય છે.

૨. સંચણના પાણીમાં ઍંટી ઈંફલેમેટ્રી અને એન્ટિ-ઓક્સિડન્ટ્સ તત્વોનો સમાવેશ થાય છે. જે એસીડીટી, કબજિયાતને દૂર કરીને પાચનતંત્રને તંદુરસ્ત રાખે છે.

૩. સંચણના પાણીમાં એન્ટિ-ઓક્સિડન્ટ્સ ગુણ હોય છે જે શરીરમાં લોહીના ઉણપથી બચાવે છે અને દાંત અને હાડકાને મજબૂત કરે છે.

૪. સંચણના પાણી પીવાથી કિડની સ્વસ્થ અને નિરોગી રહે છે. જેનાથી શરીરમાં ઉર્જા બની રહે છે.

# દંભ છોડો, સહજ, સચેત રહો..! સાતત્યને સમગ્રની સાથે જીવો-મળશે પરમ આનંદ..!

**માનસ** — **ડો. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

ધ્યાન માટે પગ ઉપર પગ ચઢાવી દઈને કોઈ મંત્ર રટવાની કે પછી માળાના મણકા ગણવાની કે ખાસ પદ્ધતિએ શ્વાસોશ્વાસ લેવાની બિલકુલ જરૂર નથી. બસ કામ કરતા રહો, પરંતુ તમારા સમગ્ર ધ્યાનને એક ભાગ કામમાં વ્યસ્ત હોવા છતાં બીજો એક ભાગ સતત આ બધું કર્તા અને કાર્ય બંનેને નીરખતો રહે, સતત ક્ષણે ક્ષણે તે દરેક ક્ષણનો સાક્ષી જ બની રહે તો આ જ છે સાચું સાક્ષીત્વ અને આ જ સાક્ષી છે તે જ પરમતત્વરૂપ છે. પરમ આનંદમયતા કે પરમ શાંતિ છે. દરેક કાર્ય એક પુજા ધ્યાન બની જાય છે, કામ થઈ રહ્યું છે પરંતુ તે અંગેના અને તેની આગળ પાછળના કોઈ વિચારો થતા નથી.

આ ક્ષણે સંપુર્ણ ધ્યાનથી, સંપૂર્ણ લગ્નથી અને શ્રેષ્ઠ રીતે થતાં આ કાર્યમાં જાણે આપણે કામ કરી નથી રહ્યા પરંતુ કામ આપણા દ્વારા જાણે થઈ રહ્યું હોય તેવો અનુભવ થાય છે.કર્તા અને કાર્ય બંને અહીં અદ્રશ્ય થઈ જાય છે. એક ક્રિયા માત્ર બચી જાય છે અને ક્રિયા જ જીવંત છે. વાસ્તવીક છે. બીજું બધું અર્થાત સિદ્ધાંતો, સંકેતો કે નામો સિવાય કંઈ જ નથી. નકલી હું મન ગાયબ થઈ જાય છે, માત્ર 'હોવાપણું' રહી જાય છે અને આ હોવાપણું જ માત્ર કાર્ય દરમ્યાન જરૂરી હોય છે. વિચારોની કોઈ જરૂર નથી, 'હોવાપણું, સાક્ષીત્વભાવ હંમેશા રહેવાથી કાર્ય સાહજીકતાથી થયા કરે છે. સમય, સ્થળ, સંજોગો પ્રમાણે અનુકુળ ક્રીયાઓ માત્ર થયા કરે છે તેના માટે કોઈ આગોતરા કે પાછોતરા વિચારોની જરૂર નથી હોતી. પશુ પક્ષીઓ દરરોજ આખો દિવસ અનેક કાર્યો કરે છે પરંતુ તેઓ તેનાં માટે કોઈ આયોજનો, ચિંતાઓ કે વિચારો બિલકુલ કરતાં નથી. સમગ્ર સૃષ્ટી હરપળ ક્રીયામય હોય છે અને તે પણ કોઈ આયોજન, ચિંતા, વિચારો વગર સાહજીકતાથી, ધૈર્ય અને સાતત્યપૂર્વક, આત્મસાત થયેલી સજગ અવસ્થામાં આપણે પણ કાર્ય કરતા નથી પરંતુ કાર્ય **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# દહીં ખાવાથી ડાયબિટીજ દૂર રહે છે, જાણો બીજા પણ દહીંના ઘરેલૂ ઉપચાર

**આરોગ્ય**

★ દહીની અંદર લૈક્ટિક એસિડ હોય છે જે બધી જ ધાતુઓ પર પોતાનો પ્રભાવ પાડે છે. સોના-ચાંદીની અંદર રાખેલા દહીમાં આ ધાતુના સુક્ષ્મ કણો આવી જાય છે. આ દહીને ખાવાથી વ્યક્તિ દિર્ઘાયું બને છે.

★ દહી ભુખને વધારનાર, હદય અને મગજને શીતળતા તેમજ શક્તિ આપનાર, લોહી સાફ કરનાર, પાચક, વિષનાશક, પેટના રોગોને ખતમ કરનાર હોય છે. દૂધની અપેક્ષાએ દહીની અંદર ફાક્સો રસ તેમજ કૈલ્શિયમ વધારે માત્રામાં હોય છે. દહી ખાવાથી ડાયબિટીજ દૂર રહે છે, જાણો બીજા પણ દહીંના ઘરેલૂ ઉપચાર

**દહીના ઉપચાર** ★ ગરમીની ઋતુમાં દહીની છાસ અને લસ્સી બનાવીને પીવાથી પેટમાં ઠંડક થાય છે. આને પીને બહાર નીકળવાથી લૂ થી બચી શકાય છે. ★ દહીની અંદર કિશમિશ, બદામ વગેરે મિલાવીને પીવાથી કમજોર વ્યક્તિનું વજન વધે છે. ★ દહીની અંદર અજમો ભેળવીને પીવાથી કબજીયાતની ફરિયાદ દૂર થાય છે. ★ દહીની છાસમાં ચાર લસણની કડીઓ કે પછી સુંઠનું ચુર્ણ ભેળવીને પીવાથી મહિલાઓની કમરની ફરિયાદ દૂર થાય છે. ★ દહીને વધારીને ખાવાથી જોઈંટના દુખાવામાં રાહત થાય છે. ★ આંખોને ગરમી અને બળતરાને દૂર કરવા દહીની ઠંડી મલાઈ આંખો પર લગાવવાથી આરામ મળે છે. ★ દહીની અંદર મધ ભેળવીને ચાટાડવાથી નાના બાળકોના દાંત જલ્દી આવી જાય છે.

## આરોગ્ય સંહીતા

### અનુસંધાન ૫ નુ ચાલુ..

જો ઍન્જિયોપ્લાસ્ટી કરાવી હોય તો આ શક્યતા ૬-૭ ટકા જેટલી રહે છે અને બાયપાસ સર્જરી કરાવી હોય તો આ શક્યતા ૧-૨ ટકા જેટલી રહે છે. આમ શક્યતા કે રિસ્ક ઘટાડી શકાય છે, પરંતુ એ સાવ દૂર કરી શકાતાં નથી.' ક્યારે બાયપાસ અને ક્યારે ઍન્જિયોપ્લાસ્ટી? જ્યારે એ ઑપ્શન આવે કે ઍન્જિયોપ્લાસ્ટી કરવી છે કે બાયપાસ સર્જરી ત્યારે ડૉક્ટરો કઈ રીતે નિર્ણય લેતા હોય છે અને જો એ દરદી પર નિર્ણય છોડવામાં આવે તો દરદીએ શું કરવું એનું માર્ગદર્શન આપતાં જાણીતા ડોક્ટર કહે છે, 'મોટા ભાગે જો એક જ નળીમાં બ્લૉકેજ હોય તો ડૉક્ટર સૂચવતા હોય છે કે સ્ટેન્ટ લગાવી શકાય. અને એ હકીકત છે કે એક જ નળીમાં એક કે બે બ્લૉકેજ હોય તો સર્જરી સુધી જવાની કોઈ ખાસ જરૂરત નથી હોતી. આ પરિસ્થિતિમાં ઍન્જિયોપ્લાસ્ટી જ બરાબર છે. જો બ્લૉકેજ એકથી વધુ નળીમાં ફેલાયેલું હોય તો સ્ટેન્ટ લગાવવાની સલાહ ડૉક્ટરો નથી આપતા. આવા સમયે બાયપાસ કરાવવી વધુ યોગ્ય છે. આ સિવાય જો હૃદયની મુખ્ય ધમનીમાં જ બ્લૉક હોય તો પણ ડૉક્ટર મોટા ભાગે બાયપાસ કરવાનું જ સૂચવે છે, કારણ કે એ મેજર પ્રૉબ્લેમ ગણવામાં આવે છે. બીજી એક તકલીફ એ છે કે જેના શરીરમાં બ્લૉકેજ છે એનો અર્થ એ કે તેના શરીરની ટેન્ડન્સી એવી છે કે વધુ બ્લૉકેજ બની શકે છે. મોટા ભાગે અમારો અનુભવ એ કહે છે કે જે વ્યક્તિ સ્ટેન્ટ નખાવે છે એને એક-દોઢ વરસની અંદર ફરીથી બીજા બ્લૉકેજને કારણે સ્ટેન્ટ નખાવવી પડે છે. આમ જોવા જઈએ તો એ આ જ કારણે મોંઘી પણ પડે છે. જ્યારે એક વખત બાયપાસ સર્જરી કરી તો એ વ્યક્તિ બીજાં ૧૦-૧૫ વર્ષ માટે ળી થઈ જાય છે. વળી બાયપાસ સર્જરીનો સક્સેસ રેટ લગભગ ૯૯ ટકા કહી શકાય. આમ રિસ્ક ફૅક્ટર ઘણું જ ઓછું ગણી શકાય.'

## સાઈકોથેરાપીસ્ટ

### અનુસંધાન ૫ નુ ચાલુ..

તણાવની સ્થિતિથી દૂર રહો. ચિંતા દૂરકરવા માટે ખુલ્લી હવામાં લટાર મારો. અનેક ઉપકરણોમાં સુધારા કરાયા આ ટ્યુબ ખાસ કરીને સ્લિપ ડિસ્ક અને હાડકા વધવાથી નસ દબાવવાના ઓપરેશન માટે બનાવવામાં આવી છે. જર્મન અને અમેરિકી ટ્યૂબોની કમીઓને સુધારતા આ ડિવાઈસ તૈયાર કરાઈ છે. અત્યાર સુધી તેના દ્વારા ૪૦૦થી વધારે ઓપરેશન થઈ ચૂક્યા છે. અનેક ડોક્ટરોએ કર્યો ઉપયોગ તેના ઉપયોગ માટે કમરમાં નાનો ચીરો કરવો પડે છે. ટ્યૂબને કરોડરજ્જુ સુધી પહોંચાડીને સર્જરી કરવામાં આવે છે. દેશભરમાં અનેક ડોક્ટરો તેનો ઉપયોગ કરી ચૂક્યા છે. તેનું પેટેન્ટ કરાવવા માટે પણ અરજી કરવામાં આવી છે.

## માનસ..

### અનુસંધાન ૫ નુ ચાલુ...

આપણા દ્વારા થઈ રહ્યું હોય તેમ લાગે છે.

ભગવદ્ ગીતામાં કહ્યું છે : મન બધા જ દુર્ગુણોનું કારણ છે' દંભ, ઈર્ષા, અભિમાન, ક્રોધ, લોભ અને અજ્ઞાન આ છ આસુરી ગુણો છે.

મન માત્ર જ દુર્ગુણોનો ઢગલો છે. જેની નહીંવત જરૂરીયાત હોય તેવું આ મન ધીમે ધીમે એમ જ માનવા માંડે કે, 'હું જ બધું કરૂં છું..! આ વિચારો, યાદો, તર્કો, લાગણીઓ અને બધું 'હું' છું અને પોતાના સ્વ (આત્મા)ને આ 'હું' ના જ નામે જ ઓળખવા લાગે છે. ધીમે ધીમે આયોજન માત્ર રહે છે, આયોજક ખોવાઈ જાય છે.

જે દરેક પદાર્થ કે ઉર્જાના કારણ સ્વરૂપ જે તત્વ છે માત્ર તે જ અસલીયત છે, બીજું બધું આ સર્વ કંઈ કર્તા, કાર્યો, ક્રિયાઓ, ગુણો, પદાર્થો, અવકાશ.... વગેરે માત્ર તેનાં જુદાં જુદા રૂપો છે અને આ બધાયના એક માત્ર આધાર સ્વરૂપ આત્મતત્વને માણસ ભુલી ગયો છે.

મનનું સર્જન થવા પાછળનું કારણ, મનુષ્ય મનુષ્ય વગેરે વિચારો, લાગણીઓ, ઈચ્છાઓ વગેરેનું આદાન પ્રદાન કરવા માટે હતું. તેનો એક સાધન તરીકે ઉપયોગ થયા પછી તેને બાજુમાં મુકી દેવાનું હતું પરંતુ મનુષ્યે પોતે, જેનું સર્જન કર્યું હતું.તેણે એવી માયાજાળ બનાવી કે મનુષ્ય તેમાં ફસાઈ ગયો. તેમાં ઓતપ્રોત થઈ ગયો. તેની સાથે એકરૂપ થઈ ગયો અને તે પોતે માત્ર 'મન' જ છે તેમ માનવા લાગ્યો. મન સતત ગતીશીલ છે અને ગતિ માત્ર બે અસમાન ધ્રુવો વચ્ચે શકય છે.સમાનતાઓ વચ્ચે ગતિ શકય નથી.વાસ્તવમાં દુઃખનું કોઈ અસ્તિત્વ જ નથી. બાહ્ય વિશ્વ કે અંતઃ વિશ્વમાં કયાંય દુઃખ જેવી ચીજ વાસ્તવિક રીતે સંભવી શકે નહીં. દુઃખ એ તો કોઈપણ બાહ્ય વસ્તુ, વ્યક્તિ કે પરીસ્થિતિ અંગે 'મન' એ નક્કી કરેલી નકારાત્મક પ્રતિક્રિયા માત્ર છે અને તેવું જ અંતઃ વિશ્વ માટે પણ હોય છે.

પરીસ્થિતિ હંમેશા જેવી હોય છે તેવી જ હોય છે પરંતુ મન દ્વારા તેને નકારાત્મક દ્રષ્ટીથી ભયસુચક અને દુઃખદ રૂપે જોવાય કે અનુભવાય છે તે મનની પ્રતિક્રિયા માત્ર છે.ઉદાહરણ રૂપે કોઈ વ્યક્તિ આપણા માટે ખરાબ શબ્દો વાપરે કે અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરે તો આપણે તરત જ દુઃખી થઈ જઈએ છીએ અહીં દુઃખ માટે શબ્દો કે તેના અવાજો જવાબદાર નથી. હવે ધારો કે આ જ શબ્દો કે વાકયોનો પ્રયોગ તમારી નજર સમક્ષ તમે ન જાણતા હો તેવી ભાષામાં કરવામાં આવે તો તમે તેના પ્રતિ જરા સરખું પણ દુઃખ વ્યકત કરતા નથી ! વાસ્તવમાં બંને કિસ્સામાં વપરાયેલી ભાષાનો અર્થ એક જ હોય છે છતાં આપણી સમજની ભાષામાં બોલાતા જ તે દુઃખ પેદા કરે છે. ભાષા, શબ્દો એ અવાજના તરંગો સિવાય કંઈ જ નથી...!

અવાજના તરંગો આપણને કઈ રીતે દુઃખી કરી શકે ? પરંતુ અહીં મન પુર્વગ્રહીત છે.

તે બાહ્ય વાતાવરણની ખાસ સંવેદનાઓને સુખદ કે દુઃખદ એવા બે વિભાગોમાં વહેંચી નાખે છે અને તેને અનુરૂપ પ્રતિક્રીયા કરે છે. ધ રીકેટીવ માઈન્ડ પ્રતિક્રિયાત્મક મન સુખ દુઃખ માટે જવાબદાર છે.

**ડૉ. પ્રવિણ પટેલ**

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચય: ..................................................

સરનામુ : ..................................................

મોકલનારની સહી : ......................................

## પાલનપુરમાં...

પાના નં.૧ ચાલુ

જેના કારણે આ માર્ગ ઉપરથી પસાર થતા રાહદારીઓ સહિત વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ અંગે ભાજપ શાસિત પાલનપુર નગરપાલીકાના સત્તાધીશોને અવાર નવાર રજુઆત કરવા છતા પાલિકા દ્વારા આંખ આડા કાન કરી રોડ બનાવવામાં આવતો નથી. જયારે સ્થાનિક નગરસેવકોએ પણ પોતાની પીપુડી વાગતી ન હોવાનું જણાવી હાથ અધ્ધર કરી દેતા રવિવારે સ્થાનિક રહીશો ગાંધીગીરી ઉપર ઉતરી આવ્યા હતા. જેઓ નગર પાલિકાની રાહ જોયા વગર પોતાની જાતે ખાડા પૂર્યા હતા.આ અંગે આશાબેન રાવલ, રવિભાઈ સોની સહિત સ્થાનિક રહીશોએ જણાવ્યુ હતુ કે પંદર દિવસમાં રોડ નવિન બનાવવામાં નહી આવે તો આગામી સમયમાં નગર પાલિકા સામે ઉગ્ર વિરોધ કરવામાં આવશે જેની સંપૂર્ણ જવાબદારી પાલિકાના સત્તાધીશોની રહેશે.

## બ.કાં. જિલ્લામાં...

પાના નં.૧ ચાલુ

પાલનપુર - ડીસા દિયોદર ઝોનમાં કુલ ૬૦,૨૨૬ પરીક્ષાર્થીઓ જયારે ધો.૧૨ એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં ૨૨૭૬૩ વિજ્ઞાન પ્રવાહમાં ૪૪૫૧ પરીક્ષાઓ નોંધાયેલ છે જે આજથી પોતાના વિષય પ્રમાણેના બોર્ડના નિર્ધારીત સમય સ્થળ - બ્લોકમાં પરીક્ષા આપશે. સ્થળ સંચાલકો ખંડ નિરીક્ષકોને બ્લોક વર્ગ ખંડોની સુંદર વ્યવસ્થા છે. લગભગ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા લગાવેલા છે. પરીક્ષામાં કોઈ ગેરરીતી ન થાય તે માટે મોબાઈલ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે ગઈકાલ તા.૧૧/૩/૨૦૧૮ થી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી કિચન બ્લોક જોરાવર પેલેસ પાલનપુર ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. જેનો ફોન નં.૦૨૭૪૨ - ૨૫૭૦૫૫ સવારે ૭-૦૦ થી રાત્રે ૮-૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે. કાયદો વ્યવસ્થા માટે જિલ્લા પોલીસ વડા નિરજ બડગુર્જરે દરેક પરીક્ષા સ્થળ પર પુરતો પોલીસ સ્ટાફ ગોઠવી કોઈપણ વિદ્યાર્થીને તકલીફ ન પડે તેવા આદેશ આપ્યા છે.

પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને મૂઝવતા પ્રશ્નોના નિવારણ માટે પાલનપુર ખાતે કાઉન્સેલરની વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સરકારી ઉ.મા.શાળા પાલનપુર એ.એમ.પરમાર ૯૩૨૮૫ ૪૫૧૭૧ તથા ૦૨૭૪૨-૨૫૨૨૭૧ ના હેલ્પ લાઈન પર સવારે ૧૦.૦૦ થી પાંચ સુધી વિદ્યાર્થીઓ માર્ગદર્શન મેળવી શકે છે. બનાસકાંઠા જિલ્લામાં ૮૮ પરીક્ષા કેન્દ્રો પર આજે પરીક્ષાર્થીઓ સાથે વાલીઓ પરીક્ષા સાથે સંકળાયેલા કર્મચારીઓની ભારે ભીડ રહેશે. જેના કારણે ટ્રાફીકની સમસ્યા પણ રહેશે. ત્યારે પરીક્ષાર્થીઓ વાલીઓને તકલીફ ન પડે તે માટે ટ્રાફીક નિયમન થાય તે જરૂરી હોવાનું ખાસ સુચન જાણવા મળ્યું હતું. જિલ્લા કલેક્ટર દિલીપ રાણા, જિલ્લા પોલીસ વડા નિરજ બડગુર્જર, જિલ્લા શિક્ષણાધિકારી હર્ષદભાઈ એલ.રાવલે પરીક્ષાર્થીઓને શુભકામના પાઠવતાં જણાવ્યું હતું કે, કોઈપણ જાતના ભય વગર શાંતચિતે પરીક્ષા આપો. કંઈ અગવડ ઉભી થાય તો પરીક્ષા સ્થળ સંચાલક સ્થળ પરના કર્મચારીને જણાવો તાત્કાલિક સંપર્ક કરવો.

## લાખણીમા...

પાના નં.૧ ચાલુ

૧૧-૧૧ સીટો મળતા પ્રથમ ચૂંટણીમાં જ ટાઇ પડી હતી. ત્યારબાદ બંને પક્ષો દ્વારા એકબીજાના સભ્યો ખરીદવા માટે એડી ચોટીનું જોર લગાવતા હતા. ત્યારે ફોર્મ ભરવાની છેલ્લી ક્ષણોમાં જ કોંગ્રેસ માંથી ઉપપ્રમુખ તરીકે ઉમેદવારી નોંધાવનારા સભ્ય પાસે જ ભાજપના કાર્યકરોએ ભાજપ માંથી પ્રમુખ પદ માટેની ઉમેદવારી કરાવડાવતા રાજકીય માહોલ ગરમ થવા પામ્યો હતો અને દિવસભર સમગ્ર તાલુકામાં ચર્ચાનો વિષય બન્યો હતો. ગત ટર્મમાં જિલ્લા પંચાયતમાં બહુમતી હોવા છતાં કોંગ્રેસે સત્તા ગુમાવી હતી તેવો ઘાટ સર્જાયો હતો જયારે કોંગ્રેસે પણ ભાજપના એક સભ્યને પોતાના પક્ષમાં લઈ લીધો હોવાની ચર્ચાથી બંને પક્ષમાં ભાગદોડ થયા બાદ પણ ટાઇ પડવાનું સમીકરણ રચાવા પામ્યું હતું. જોકે સાંજે ફોર્મ પાછા ખેંચવાના સમયે ભાજપ તરફથી પ્રમુખપદ માટે કોંગ્રેસમાંથી આયાતી ઉમેદવાર રબારી ધેંગાભાઇ કરશનભાઈ તથા કોંગ્રેસમાંથી મહેશકુમાર કાંતીલાલ દવે વચ્ચે જયારે ઉપ પ્રમુખ પદ માટે ભાજપમાંથી પટેલ ગંગાબેન સુરેશભાઇ તથા કોંગ્રેસમાંથી સ્વામી દર્શનપુરી બાબુપુરી વચ્ચે ૧૨ માર્ચના સોમવારના દિવસે બાર વાગ્યાના સમયે લાખણી તાલુકા સેવા સદન ખાતે ચૂંટણી યોજાશે.

## મહંતશ્રી કે.ડી....

અનુસંધાન ૨ નુ ચાલુ..

૨૫ વર્ષથી સુદીર્ઘ સેવા આ સંસ્થામાં આપી નિવૃત્ત થનાર શિક્ષક ઈશ્વરભાઈ દેસાઈએ શાળાને રૂા.એકલાખનું દાન આપી એક નવો રાહ ચિંધ્યો હતો. તેમની આ ઉદાર સખાવતને સહુએ બિરદાવી હતી.નિવૃત્ત થનાર શિક્ષકનું શાળા પરિવાર સંસકાર મંડળ તથા રામપુરા મઠ દ્વારા સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય જે.એચ. દવે દ્વારા વિદ્યાર્થીઓને જીવન ઉત્કર્ષ માટે પાથેય પુરૂ પાડયું હતું. વિદાય લેતા વિદ્યાર્થીઓ તરફથી શાળાને ૧૬ સીલીંગ ફેન ભેટ આપવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક માલદેવભાઈ ગુર્જરે તથા આભારવિધિ પી.જી. સોનીએ કરી હતી.

## પ્રાથમિક શાળાના...

અનુસંધાન 3 નુ ચાલુ..

શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિકમાં વિષય શિક્ષક તરીકે વિકલ્પ આપી સમાવેશ કરવો.

ઉપર મુજબની આર.ટી.ઈ. ના નિયમ મુજબ ભરતી કરવી.દા.ત. રાજસ્થાનમાં ૬ થી ૮ માં વ્યાયામ શિક્ષકની ભરતી થાય છે. પ્રવાસી શિક્ષક તરીકે ભરતી કરવી નહીં.

તાલીમી સ્નાતકો જેવા કે બી.પી.એડ, ડી.પી.એડ., બી.પી.ઈ. તેમજ બી.એડ. થયેલા શિક્ષકોને જો ઉચ્ચ પ્રાથમિકમાં વિકલ્પ આપવામાં આવે તો એન.આઈ.ઓ.એસ.ના ૬ માસના બ્રીઝ કોર્ષમાંથી મુક્તિ મળી શકે તેમ છે.

૨૦ વર્ષ પહેલાં ભરતી થયેલા વ્યાયામ ચિત્ર શિક્ષકો પોતાન વતનથી દુર રાખવામાં આવેલા છે. તેમની ઉચ્ચ પ્રાથમિકની લાયકાત હોવા છતાં તેઓ હાલમાં ૧ થી ૫ માં કામ કરી રહ્યા છે. ૧ થી ૫ ના જિલ્લા ફેરબદલી કેમ્પ કેટલાય વર્ષોથી કરવામાં આવેલા નથી. તેમની સાથેના પી.ટી.સી., બી.એડ. ની લાયકાત ધરાવતાં શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિકમાં સમાવી દીધેલા છે. તેમને જિલ્લા ફેર બદલીના લાભો તુરંત મળી ગયેલ છે. પરંતુ ચિત્ર વ્યાયામ શિક્ષકોને ૧ થી ૫ માં રોકી રાખેલા હોવાથી તેમને જિલ્લા ફેર બદલીનો લાભ મળેલ નથી. જે યોગ્ય નથી. તો આવા શિક્ષકોને વિકલ્પ આપી જિલ્લા ફેર બદલીનો ચાન્સ આપવો.

પ્રાથમિક શિક્ષણ નિયામકના પરીપત્ર મુજબ તાલીમી સ્નાતકો જેવા કે ડી.પી.એડ., બી.પી.એડ., બી.પી.ઈ. તેમજ બી.એડ. ની લાયકાત ધરાવતાં અને ધો. ૧ થી ૫ માં કામ કરતાં શિક્ષકોને એન.આઈ.ઓ.એસ.નો બ્રિઝ કોર્ષ કરવાનો થાય છે. છતાં પણ ગુજરાતના મોટા ભાગના જિલ્લા ડી.પી.ઓ દ્વારા ડી.એલ.એડ. કોર્ષ કરવાનો છે તેવા પરીપત્રો કરવામાં આવે છે. શિક્ષકો મુંજવણમાં મુકાયેલા છે. તો ડી.પી.ઓના પરીપત્રમાં સુધારો કરી નવો પરીપત્ર કરાવવો.

ગુજરાત રાજ્ય સને.૨૦૧૮-૧૯ થી એન.સી.ઈ.ટી.ના નિયમ મુજબ પાઠ્ય પુસ્તકો અને અભ્યાસક્રમ દાખલ કરવામાં આવનાર છે. તો યોગ અને શારીરિક શિક્ષણ તેમજ ચિત્રકામના વિષયો નિયામક તા.૧૯/૦૭/૨૦૧૮ ના પરીપત્ર મુજબ જુન-૨૦૧૮ ના નવા સત્રથી દાખલ કરવા જેવા પ્રશ્નો બાબતે તાત્કાલીક નિર્ણય લઈ ઘટતુ કરવા માંગ કરાઈ છે અને જો નહી કરવામાં આવે તો વ્યાયામ, ચિત્ર શિક્ષકો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે અને પોતાના હકકો અને ન્યાય મેળવીને જંપશે. તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે આ બાબતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ગુજરાતના રાજ્યપાલ, મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી સહિત ઉચ્ચ કક્ષાએ લેખિત રજુઆત કરાઈ છે.

## પાલનપુરમાં નિગમના...

અનુસંધાન 3 નુ ચાલુ..

ના રોજ સરકાર દ્વારા આ હુકમને અટકાવવા તેમજ નિગમ, ડેરી, વીજ કંપની, સંઘના નિવૃત કર્મચારીઓને અન્યાય કરતી પેરવી કરવામાં આવી હતી. જેથી આવા કર્મચારીઓને પેન્શનમાં ભારે અન્યાય થઈ રહ્યો છે. માસિક રૂપિયા ૭૦૦ થી ૧૮૦૦ જેટલું પેન્શન આપવામાં આવી રહ્યું છે. આજની મોંઘવારીમાં સરકારી કર્મચારીઓને ગોળ અને અન્ય કર્મચારીઓને ખાંડ રૂપી પેન્શન આપવામાં આવી રહ્યું છે. ત્યારે ૨૦૧૭નો કાગળ રદ કરવા તેમજ નિયમાનુસાર પેન્શન મળે તે માટે સરકારને રજૂઆતો કરી છે. પરંતુ કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં આવતો ન હોઈ આગામી સમયમાં ધારણા, રેલી અને જરૂર પડ્યે જલદ કાર્યક્રમો આપવામાં આવશે.

## ભુજથી શ્રીનાથ દ્વારા ...

અનુસંધાન 3 નુ ચાલુ..

વહેલી સવારે ૪ કલાકે શ્રીનાથદ્વારા પહોંચે છે. જયારે જે બસ શ્રીનાથદ્વારાથી ભુજ જવા માટે સાંજે ૧૮ કલાકે ઉપડે છે. જે વહેલી સવારે ૭ કલાક ભુજ પહોંચે છે ત્યારે ભુજ તરફ જવા માટે ડીસા ડેપોમાં રાત્રિના સવાબાર એટલે કે ૦૦:૧૦ કલાકે આવે છે. આમ ભુજ ડેપો દ્વારા નવી સ્લીપર એસ.ટીનો નવો રૂટ શરૂ કરાતા મુસાફરોમાં પણ આનંદની લાગણી છવાઈ ગઈ છે.

## બનાસકાંઠામાં કથળતું ...

અનુસંધાન 3 નુ ચાલુ..

અંશે વ્યાજબી છે?? થોડા સમય અગાઉ આચાર્ય ભરતીમાં રાજકારણના પગલે કેટલીય શાળાઓના નામ બારોબાર કાઢી નાખવામાં આવતા માહોલ બગડ્યો હતો. પાંચ અંકોમાં મળતા પગારના બદલે ભારતનું ભાવિ જેમના હાથમાં છે તે જ ક્ષેત્રમાં શિક્ષકથી માંડી ઉપલી અધિકારીઓ જ સુધરશે નહિ તો આવનારો સમય જનતાનો છે અને જો જનતા ન્યાય તોળવા બેસશે તો કેટલાય પગારદારીઓને ઘરે બેસવાનો વારો આવે તો નવાઈ નહિ??

## ધાનેરાના ધાખા...

અનુસંધાન 3 નુ ચાલુ..

અધિકારીઓ દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી ન હતી. જે બાદ ગઈ રાત્રીએ રાતો રાત સરપંચ અને તલાટી દ્વારા જે.સી.બી. મશીનથી મનરેગાના કાચા રોડના કામ કરવામાં આવ્યા છે. જેમાં લાખો રૂપિયાની ગેરરિતી આચરવામાં આવી હોવાનું જણાઈ રહ્યું છે. ત્યારે આ બાબતે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તો સરપંચ અને તલાટી સહિત તાલુકા પંચાયતના પણ અધિકારીઓની મીલીભગત બહાર આવે તેમ છે.

## અંકલેશ્વરની એ...

અનુસંધાન 3 નુ ચાલુ..

પસાર થતી અંકલેશ્વર એસ્ટેટની અંડરગ્રાઉન્ડ પાઈપલાઈનમાં આ કનેક્શન કરવામાં આવ્યું હતું. ખોદકામ અને ભારે મહેનતને અંતે આ ગેરકાયદેસર કનેક્શન મેળવવામાં સફળતા મળી હતી. જીપીસીબી દ્વારા વડી કચેરીએ રિપોર્ટ બનાવીને મોકલી અપાયો છે. આ ઘટનાને પગલે ભુતિયા કનેક્શન ધારકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ ઘટનાને પગલે ભૂતિયા કનેક્શન ધારકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## વડગામ બસ...

અનુસંધાન 3 નુ ચાલુ..

લક્ષ્યાંક હોવાનું સદ્ભાવના ગૃપના પ્રમુખ હરેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું સરપંચ ભગવાનસિંહ સોલંકી એ સદ્ભાવના ગૃપની મનસેવાની પ્રવૃતીને આવકારી શુભેચ્છા પાઠવી હતી. ડો.હિતેશભાઈ ચૌધરી, બેંક ઓફ બરોડાના મેનેજર કે.એલ. પટેલ, મહેન્દ્ર ફાઈન્નાસ કંપની મેનેજર હિતેશભાઈ ચૌધરીના હસ્તે રીબીન કાપી મિનરલ વોટરની પરબનો શુભારંભ કર્યો હતો. સ્વાગત પ્રવચન ધવલભાઈ બારોટે કર્યું હતું. આભારવિધી કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## કાંકરેજ તાલુકાના તાણા...

અનુસંધાન 3 નુ ચાલુ..

ભુદેવ તરીકે મંત્રો, ગાયત્રી પાઠ વગેરે કરવા જરુરી છે. આજના હરીફાઇના યુગમાં દરેક સમાજની સાથે ચાલવામાં પણ બ્રહમસમાજને જાગરત થવાની જરુર છે.

સંગઠીત થવાની જરુર છે ત્યારે સમાજમાં એક જુથ થઇને સાથે ભાઇચારાની ભાવના સાથે રહેવાની જરુર છે. સમાજમાં નાત-જાત,રાજકારણથી પર થઇને સમાજમાં એકજુથ થઇને સાથે રહેવાની સમયની સાથે જરુર છે. તેવો ભાર મુકવામાં આવ્યો હતો. તેમાં બહોળી સંખ્યામાં સમાજના ભુદેવ યુવાનો હાજર રહ્યા હતા.

## થરાદમાં એક...

અનુસંધાન 3 નુ ચાલુ..

પુરી દહેશત ફેલાવા પામી છે.આ અંગે રહીશોએ પાલિકામાં બે ત્રણવખત મૌખિક રજુઆતો કરી તેમની સમસ્યાનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.તેમ છતાં પણ પાલિકાની ઉદાસીનતાના કારણે પ્રજાજનોને પાણીની સમસ્યાને લઇને ભારે હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યોછે.જેના કારણે રહીશોમાં ભારોભાર રોષ અને આક્રોશની લાગણી પણ ફેલાયેલી જોવા મળી રહી છે.

## તમાકુ પર ૨૮...

પાના નં.૮ ચાલુ

એસોસિયેશન બેઠક રવિવારે ડીસા માર્કેટયાર્ડના વેપારીઓના હૉલમાં યોજાઈ હતી જેમાં રાજ્યભરમાંથી ૩૦૦થી વધુ વેપારીઓએ બેઠકમાં ભાગ લીધો હતો વિવિધ પ્રાંતમાંથી આવેલા વેપારીઓએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા અને એસોશિયન મારફતે પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર સમક્ષ રજૂઆત કરવા જણાવ્યું હતું. હાલમાં ગુજરાતમાં તમાકુ પર ૨૮ ટકા જીએસટી લેવાય છે. તેની જગ્યાએ વ્યાપારીઓએ પાંચ ટકા જીએસટી લેવાય તેવી હિમાયત કરી હતી. અને આ અંગે સરકાર સમક્ષ રજૂઆત કરવાનો નિર્ણય કર્યો હતો. આ ઉપરાંત તમાકુના વ્યાપારીઓના પડતર પ્રશ્નો પણ ઘણા સમયથી સરકાર ઉકેલ લાવી શકી નથી તે પણ જલદી ઉકેલાય તેવી પણ સરકારમાં રજૂઆત કરાશે તેવો નિર્ણય કરાયો હતો.

જો સરકાર તમાકુના વેપારીઓ ની વ્યથા નહીં સાંભળે તો આગામી સમયમાં વેપારીઓ બજારમાંથી તમાકુ ખરીદશે નહિ અને વિધાનસભાને ઘેરાવ કરી આંદોલન કરશે તેવો પણ નિર્ણય બેઠકમાં લેવાયો હતો.

## આજે ભાભર તાલુકા ...

પાના નં.૮ ચાલુ

ઉપપ્રમુખ ઠાકોર બેસાડાય તેવી કોંગ્રેસ અગ્રણીઓ સોગઠા ગોઠવી રહ્યા છે, અગાઉ ભાભર તાલુકા પંચાયતમાં ઠાકોર સમાજનો ઉમેદવાર ભાજપ હોય કે કોંગ્રેસ પ્રમુખ તરીકે રહ્યા છે. આ ટર્મમાં કોંગ્રેસ પ્રમુખ તરીકે રજનીશ ચૌધરી -રૂની અને ઉપપ્રમુખ તરીકે બબીબેન ઠાકોરની પસંદગી કરવામાં આવી છે.માત્ર ઔપચારિકતા રીતે સત્તાવાર જાહેરાત આજે થવાની બાકી છે. પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીને લઈ લોકોમાં ઉત્સુકતા જોવા મળી રહ્યો છે.

## શિહોરીમાં ચેક...

પાના નં.૮ ચાલુ

મનસુરીની ધારદાર દલીલો ગ્રાહય રાખી શિહોરી વિ.મેજીસ્ટ્રેટ ડી.જી. વાઘેલાએ આરોપી હસમુખભાઈ મહાદેવભાઈ વઢેરને નેગો. એટકની કલમ ૧૩૮ મુજબ કસુરવાર ઠેરવી એક વર્ષની સખત કેદની સજા તથા રૂ.૪,૦૦,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો અને જો આરોપી દંડ ના ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો તથા આરોપીએ ભરેલ દંડની રકમમાંથી રૂ.૩,૦૦,૦૦૦/ રૂપીયા ફરીયાદીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરતાં નાણાં લઈ પરત ન ચુકાવનાર ઈસમોમાં ન્યાયનો દાખલો બેસાડ્યો હતો.

## કાંકરેજ તાલુકા...

પાના નં.૮ ચાલુ

કોંગ્રેસ પાસે ૨૧ સભ્યો અને ભાજપ પાસે ૮ સભ્યો અને એક અપક્ષ મળી તાલુકા પંચાયતના ૩૦ સભ્યોની ઉપસ્થિતિમાં અધ્યક્ષ અધિકારી તરીકે કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણની નિમણુંક કરવામાં આવી છે. ગત રોજ તા. ૧૧/૩/૨૦૧૮ ના રોજ ઉમેદવારીપત્રો રજૂ કરાયા હતા. જેમાં તાલુકા વિકાસ અધિકારી અનિલભાઈ ત્રિવેદી ફોર્મ સ્વીકારી અ ને ફોર્મ ચકાસણી કરેલ. જેમાં તમામ ફોર્મ માન્ય કરતા આજે તાલુકા પંચાયત સભાખંડમાં ૧૨ વાગ્યે ચુંટણી યોજાશે.

# અંગૂર ખાવાથી મેમોરી તેજ હોય છે. જાણો ચમત્કારિક ૫ ફાયદા

અમે બધા જાણી છે કે અમારો મગજ તેજ અને તાજા રહે. કોઈ પણ વાત અમે ભૂલ્યા નહી તેના માટે બહુ વસ્તુઓ ખાવાની સલાહ અપાય છે . અત્યારે આ લિસ્ટમાં હવે તમે અંગૂરને પણ સંકળાવી લો. કારણ-કે એક નવી સ્ટડી જણાવે છે કે અંગૂર ખાવાથી મેમોરી તેજ હોય છે.

★ અંગૂર ખાવાથી મેમોરી તેજ હોય છે.

★ શુગરથી પીડિત લોકો માટે અંગૂર ખૂબ ફાયદાકારી છે. આ બ્લ્ડમાં શુગરના લેવલને ઓછું કરવાનું કામ કરે છે.

★ જો તમે ભૂખ નહી લાગે છે અને આ કારણે તમારું વજન નહી વધી રહ્યું છે તો તમે અંગૂરનો સેવન કરી શકો છો. તેના સેવનથી કબ્જિયાતની સમસ્યા દૂર હોય છે. સાથે ભૂખ પણ લાગે છે.

★ અંગૂર હીમોગ્લોબિન પણ વધારે છે.

★ બ્રેસ્ટ કેંસરની અટવાયત માટે અંગૂરનો સેવન કરવું ખૂબ ફાયદાકારી હોય છે.

હાર્ટ અટેક આવવાના ૧ મહીના પહેલા જ શરીર આપવા લાગે છે આ ૫ સંકેત, અવગણના ન કરવી

સ્વાસ્થય માણસની સૌથી મોટી દૌલત છે. આજકાલના ભાગદોડ ભરેલી જીવન અને ખરાબ ખાનપાનના કારણે ઘણા લોકોમાં હાર્ટ અટેકની સમસ્યા સામાન્ય થઈ ગઈ છે. જે અમારા દિલને પ્રભાવિત કરે છે. અત્યારે જ તમને સાંભળ્યું હશે કે એક અભિનેત્રીનો હાર્ટ અટેકના કારણે નિધન થઈ ગયું હતું. તેથી જરૂરી છે કે આપણા દિલનો સારી રીતે કાળજી લેવી. આજે અમે તમને જણાવીશ કેટલાક એવા સંકેત જણાવી રહ્યા છે જેની વિશે શરીર અમને ૧ મહીના પહેલા જણાવી દે છે.

**નસમાં સોજા અને ભૂરો પડવુ**

તમે બધા જાણો છો કે અમારું દિલના બધા ભાગમાં લોહી પહોંચાડે છે. પણ જયારે હાર્ટમાં પરેશાની થઈ જાય છે તો તે ફૂલવા લાગે છે જેના કારણે શરીરના ઘણી જગ્યા પર લોહી સારી રીતે પહોંચી શકતું નહી અને અંગનો રંગ ભૂરો પડવા લાગે છે.

મિત્રો જો તમે પૂરતી ઉંઘ લઈ રહ્યા છો અને સવારે ઉઠતા પર પણ તમને થાક લાગી રહી છે તો આ સારા સંકેત નથી. આ હાર્ટ અટેક આવવાથી પહેલાના સંકેત છે. તેથી તમે જલ્દીથી ડાકટરને મળવું.

**વાર વાર ચક્કર આવવું અને આંખમાં અંધેરા આવવું**

દિલ અમારા શરીરમાં લોહી સપ્લાઈ કરે છે. હાર્ટ અટેક આવતા પહેલા અમાતું દિલ લોહીને અમારા શરીર સુધી યોગ્ય રીતે અપ્લાઈ નહી કરી શકતું જેના કારણે વાર-વાર ચક્કર આવે છે અને આંખમાં અંધેરો આવે છે.

**અચાનક છાતીમાં દુખાવોઃ**

હાર્ટ અટેક આવતા પહેલા આ સૌથી મહત્વપૂર્ણ લક્ષણ છે. વચ્ચે અચાનક છાતીમાં દુખાવો હાર્ટ અટેક આવવાના સૌથી મહત્વપૂર્ણ લક્ષણ છે. તેથી જો આ લક્ષણ જોવાય તો કદાચ અવગણના ન કરવી.

# માત્ર એક કેળા ખાવાના ફાયદા

આજકાલ વધારેપળુ લોકો વજનની સમસ્યાથી પરેશાન છો. લોકો તેમનો વજન ઓછા કરવા માટે ઘણા ઉપાય અજમાવીએ છે પણ આ સમસ્યાથી છુટકારા મેળવા નકામ રહે છે. જિમ કે બધા રીતની ડાયટથી જો તમારું જાડાપણુ ઓછું નહી થઈ રહ્યું છે. તો તમે દી માંર્નિંગ બનાવું ડાયેટ ટ્રાઈ કરી શકો છો.આ ડાયટ મુજવ તન્મને કઈ નથી કરવું બસ સવારે એક કેળા ખાવું છે તેનાથી કે અઠવાડિયામાં તમારું દસ પોંડ એટલે કે આશરે ૪.૫ કિલો વજન ઓછું થઈ શકે છે. એક કેળા ખાધા પછી એક ગિલાસ પાણી જરૂર પીવું. તે સિવાય આ ફાયટના બીજા પણ બહુ ફાયદા છે.

જેમકે સેક્યુલાઈટથી છુટ્કારો અપાવે છે.

તેના સેવનથી અલ્કોહલનો સેવન બંદ થઈ જાય છે.

ફાઈબર અને પોટેશિયમથી ભરેલું એક સ્વસ્થ ફળ છે.

તમને ભૂખ નહી લાગે છે.

બ્લડ શુગર લેવનને નિયંત્રિત કરે છે.

CMYK
Website : www.rakhewaldaily.com
E-mail : rakhewal@gmail.com
સોમવાર ૧૨ માર્ચ ૨૦૧૮ (૭)
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઊંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## રાધનપુરમાં સદારામ બાપા કેરિયર એકેડેમી દ્વારા તાલીમ

કમલ ચક્વર્તી



રાધનપુર

રાધનપુરમાં સદારામ બાપા કેરિયર એકેડેમી અને સમસ્ત ઠાકોર સમાજના સહયોગથી ધો.૧૨ પાસ અને ગ્રેજ્યુએટ થયા હોય તેવા સમાજના ભાઈઓ અને બહેનો માટે ગુજરાત સરકારની આવનાર વિવિધ ભરતીઓ માટે સ્પેશિયલ તૈયારીઓ કરાવવા માટે ખાસ વર્ગોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.જેમાં તલાટી,કોન્સ્ટેબલ,બિનસચિવાલય જેવી ભરતીઓ માટે કોચિંગ આપવામાં આવે છે.આ ખાસ વર્ગોમાં સમાજના ૧૫૦ જેટલા ભાઈઓ-બહેનો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે.આ ક્લાસમાં શારીરિક અપંગ વિદ્યાર્થીઓને સંપૂર્ણ ફી માફી આપવામાં આવે છે.અઠવાડિયામાં ત્રણ ટેસ્ટ લેવામાં આવે છે અને દર રવિવારે ગુજરાતની નામાંકિત ફેક્લટીના નિષ્ણાતોને લેક્ચર માટે બોલાવવામાં આવે છે.સર્વોદય આંખની હોસ્પિટલ પાસે આવેલી સદારામ કન્યા હોસ્ટેલ પાસે ચાલતા સદારામ બાપા કેરિયર એકેડેમીનુ મોનીટરીંગ મહાદેવજી ઠાકોર,અરવિંદજી ઠાકોર,વિપુલજી ઠાકોર,શૈલેષજી ઠાકોર,પ્રતાપજી ઠાકોર અને નરેશજી ઠાકોર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## રાધનપુરના બે કોંગી અગ્રણીઓની પ્રદેશ ડેલિગેટ તરીકે વરણી

રાધનપુર

રાધનપુરના મુસ્લિમ અગ્રણી અકરમખાન પઠાણ અને તાલુકાના દેવ ગામના પૂર્વ તાલુકા કોંગ્રેસ પ્રમુખ હમીરજી ઠાકોરની પ્રદેશ ડેલિગેટ તરીકે વરણી કરવામાં આવી છે.આ વરણીને તાલુકામાં કોંગીજનો દ્વારા સહર્ષ વધાવી લેવામાં આવી છે.ધારાસભ્ય અલ્પેશ ઠાકોરના સક્રિય પ્રયાસોના લીધે આ બંને નિમણૂંકો કરવામાં આવી હતી.

## મહેસાણા ડિવીઝનના ૫૪ ટકા ડેપો મેનેજરોની હેડકવાર્ટરમાં ગેરહાજરી

મહેસાણા

મહેસાણા એસ.ટી. ડિવીઝનના સરેરાશ ૫૪ ટકા ડેપો મેનેજરો હેડકવાર્ટરમાં ન રહેતા હોવાનું સેન્ટ્રલ કચેરીએ જાહેર કરેલ છે. જેના કારણે છેલ્લા કેટલાક દિવસોથી આંખ આડા કાન થતાં હોવાની વાતને લઈ મળ્યું છે. આવી સ્થિતિમાં મહેસાણા ડિવીઝને જે તે ડેપો મેનેજરોને હેડકવાર્ટરમાં હાજરી આપી ડેપોની સ્થિતિ સુધારવા સૂચના આપી છે. જાણવા મુજબ એસ.ટી.ની સેન્ટ્રલ કચેરીની યાંત્રિક શાળાએ રાજ્યના ૧૪ ડિવીઝનના ડેપો મેનેજરોની હેડકવાર્ટરમાં હાજરી-ગેરહાજરીનો રિપોર્ટ બનાવ્યો છે. જેમાં મહેસાણા ડિવીઝનના કુલ ૧૪ પૈકી સરેરાશ અડધો અડધ ડેપો મેનેજરો સાથે સવાલો ઉભા થયા છે. પાટણ, મહેસાણા, બેચરાજી, ખેરાલુ અને વડનગર ડેપો મેનેજરો અવાર-નવાર હેડકવાર્ટર છોડી ગેરહાજર હોવાની રજૂઆત ડિવીઝન કક્ષાએ કરવામાં આવી હતી. આ બધી સેન્ટ્રલ કચેરીએ રાજ્યના તમામ એસ.ટી. ડેપોની સ્થિતિ મંગાવી રિપોર્ટ તૈયાર કરતા મહેસાણા ડિવીઝનના ડેપો પૈકી ૫૪ ટકા ડેપો મેનેજરો ગેરહાજર હોવાનું સામે આવ્યું હતું.

## પાટણમાં બાઈક સ્લીપ થઈ જતાં દંપતીને ઈજા

પાટણ

ચાણસ્મા અને હારીજ જતા શટલીયા વાહનો, જીપ અને મીની મેટાડોર મોટાભાગે પાટણમાં બગવાડા દરવાજા સામે દત્તનગર જવાના રસ્તા પર મુકી મુસાફરોને ભરવામાં આવતા હોય છે. સવારે ૮ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી શટલીયા વાહનોની દોડાદોડ ચાલુ હોય છે. ત્યારે ગત શુક્રવારે સાંજે એક દંપતીનું બાઈક સ્લીપ થઈ જતાં હાથ- પગે સામાન્ય ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્ત સવિતાબેન પાટણમાં કોઈ પ્રસંગે આવ્યા હતા. તેમના પતિ ડેરીનો ધંધો કરતા હોવાનું જાણવા મળે છે.

## લધુત્તમ ટેકાના ભાવે રવિમાર્કેટિંગ સીઝન ૨૦૧૮-૧૯ ખેડૂતો પાસેથી ઘઉંની સીધી ખરીદી કરાશે

પાટણ

પાટણ જિલ્લાના પાટણ, સિદ્ધપુર, ચાણસ્મા, હારીજ, સમી, રાધનપુર અને વારાહી તાલુકાઓના ગોડાઉન કેન્દ્રો માટે રવિમાર્કેટિંગ સીઝન વર્ષ ૨૦૧૮-૧૯અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવથી ઘઉંનીખેડૂતો પાસેથી સીધી ખરીદી કરાનાર છે.નાયબ જીલ્લા મેનેજર, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ, પાટણની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર તારીખ ૧૫/૦૩/૨૦૧૮થી તારીખ ૩૧/૦૫/ ૨૦૧૮દરમિયાન ભારત સરકાર દ્વારા નિયત કરાયેલા રૂ ૧૭૩૫/-પ્રતિ કિવન્ટ લના ભાવે કરવામાં આવનાર છે. લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોની ઓનલાઈન નોંધણીhttp://pds.gujarat. gov.in ઉપર કરાવવા તેમજ જિલ્લા અને તાલુકાઓના ગોડાઉનોનો સંપર્ક કરવા અખબારી યાદીમાં વધુમાં જણાવાયું છે.

## દિકરીઓને જન્મ-માન-સનમાન મળે એ માટે રાજય સરકાર કટિબધ્ધ છે : પ્રદીપસિંહ જાડેજા



સતીષ ભટ્ટ

હિંમતનગર

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમીત્તે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના માર્કેટયાર્ડ ખાતે ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાનું મહિલા સંમેલન યોજાયું હતું. પ્રાસંગિક પ્રવચન કરતા ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, દિવસે દિવસે દિકરીઓના ઘટતા પ્રમાણ સમાજ માટે ચિંતાજનક હોવાનું જણાવતા કહ્યુ હતું કે, જેનાથી સમાજમાં દુરોગામી અસર પડી રહી છે તેથી બેટી બચાવો- બેટી ભણાવો માટે રાજય સરકાર સંકલ્પબધ્ધ છે.

વધુમાં મંત્રીએ ઉમેર્યુ હતું કે, રાજય સરકારની નોકરીઓ મહિલાઓ માટે આરીક્ષત કરવામાં આવી છે. જેને લઈ રાજયની પોલીસ ભરતીમાં ૩૩ ટકા મહિલાઓની ભરતી કરી મહિલા સશક્તિનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. તો વળી વિધવા મહિલાઓને સખી મંડળ અને મિશન મંગલમ દ્વારા સ્વરોજગારીની નવી દિશામાં કામ આપવાની શરૂઆત કરી પગભર બનાવવામાં આવી છે.

તેમણે આંગણવાડીની મહિલાઓની કામગીરીની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે આ યશોદા માતાઓ ભારતના ભાવિને પ્રશિક્ષણ આપવાનું કામ કરી રહી છે. મંત્રીશ્રીએ મા અમૃત્તમ અને મા વાત્સલ્ય યોજના થકી આરોગ્યની કરૂણાસભર સેવાની શરૂઆત કરી હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા સાસંદ શ્રી દીપસિંહ રાઠોડ, હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ પ્રસંગોચિત ઉદ્બોધન કર્યુ હતું.

મહિલા સંમેલન નિમિતે શતાયું માતાઓ, મહિલા સંચાલિત પંચાયતના સરપંચ, તેજસ્વી દિકરીઓનું સન્માન તથા જરૂરીયામંદ મહિલાઆને સહાય કિટસ અપર્ણ કરવામાં આવી હતી.

મહિલા દિન નિમિત્તે શહેરના મહાકાળી મંદિર, સહકારી જીન અને કલેકટર કચેરી ખાતેથી મહિલા જાગૃતિને લગતી રેલી યોજાઇ હતી. આ રેલીને જિલ્લા કલેકટરશ્રી પી.સ્વરૂપે પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે હિંમતનગર પાલિકા પ્રમુખ શ્રીમતી નિલાબેન પટેલ, જિલ્લા અગ્રણી શ્રી જે.ડી.પટેલ, તખતસિંહ હડિયોલ, અશોક જોષી, મહેન્દ્રસિંહ રહેવર, જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષ વ્યાસ, જિલ્લા પોલીસ વડા શ્રી સૌરભસિંઘ સહિત મહિલા અગ્રણીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુર તાલુકાના ધર્મનગર(પ્રેમનગર)માં બોલામણામાં અગ્રણીઓ ઉમટ્યા



કમલ ચક્વર્તી

(પ્રતિનિધિ) રાધનપુર

રાધનપુર તાલુકાના ધર્મનગર(પ્રેમનગર) ગામે સદારામ સેવા મંડળના પ્રમુખ માવજીભાઈ ભગવાનભાઈ રાઠોડને પડી જવાથી બે પગે ફેક્ચર થવા ઉપરાંત માથાના ભાગે ઈજાઓ થઇ હતી,સારવાર દરમ્યાન હવે સારું થઇ જતા તેમની ખબર પૂછવા માટે રવિવારે બોલામણુ રાખવામાં આવ્યું હતું, જેમાં રાધનપુર અને સાંતલપુર તાલુકાના ઠાકોર સમાજના અગ્રણીઓ ખબર પૂછવા માટે ઉમટી પડ્યા હતા.જેમાં પૂર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી,જિલ્લા પંચાયતના સદસ્ય જગદીશભાઈ ઠાકોર, ભીમજીભાઈ વાઘેલા, ભેમાભાઈ ઠાકોર, નાગજીભાઈ ઠાકોર, રામચંદજી ઠાકોર સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.રાધનપુર-સાંતલપુર પંથકમાં સારવાર બાદ બોલામણુ રાખવાનો અનોખો રિવાજ છે,જે દિવસે મોટાભાગના સ્નેહી-સ્વજનો ખબર પૂછવા આવતા હોય છે.

## સર્વોદય મહિલા જાગૃતિ સેવા ટ્રસ્ટ દ્વારા શિક્ષણ ક્ષેત્રે અમુલ્ય ફાળો આપનાર મહિલાઓનું અભિવાદન કાર્યક્રમ યોજાયો





સતીશ ભટ્ટ

હિંમતનગર

૮ માર્ચ મહિલા દિનની ઉજવણીના ભાગ રૂપે તા : ૧૦-૩-૨૦૧૮ ના રોજ હિંમતનગરના સહકાર હોલ ખાતે સર્વોદય મહિલા જાગૃતિ સેવા ટ્રસ્ટ દ્વારા હિંમતનગર મદ્રેસા કેળવણી મંડળ દ્વારા ચાલતી શૈક્ષણિક સંસ્થાઓમાં અવિસ્મરણીય શિક્ષણની કેડી કંડારતા કેળવણી ક્ષેત્રે અમુલ્ય યોગદાન આપનારી સંનિષ્ઠ પ્રિન્સીપાલશ્રી બહેનો મુમતાજબેન વલજીવાલા (રૂમી કિડ્સ) શહેનાઝબેન આખુનજી (રૂમી ઈંગ્લીશ) યાસ્મીનાબેન ઈડરિયા (અપર પ્રાઈમરી) સાજેદાબેન ઈડરિયા (પ્રાયમરી) નો અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોમેન્ટો આપી બહેનોને પ્રોસાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સમારંભ ના અધ્યક્ષ તરીકે સર્વોદય બેન્કના ચેરમેન અ. રઉફ સાબુગર, મદ્રેસા મો.ઈસ્લામ ના પ્રમુખ ગુલામ મોઈનુંદિન હરસોલીયા, સમસ્ત પટણી સુન્ની જમાતના સેકેટ્રરી ઈમ્તિયાઝ લાલા, હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ નીલાબેન પટેલ, ડૉ યામીન ચાંદનીવાલા, માણેક કૃપા હાઈસ્કુલના પ્રિન્સીપાલ અર્બન આયુષના મેડીકલ ઓફિસર, હેતલબેન પટેલ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ સર્વોદય મહિલા જાગૃતિ સેવા ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી ગુલનાર પઠાણની આગેવાનીમાં યોજાયો હતો.

## રાધનપુરમાં મકાનોને નુકશાનકારક ખોદકામ બંધ કરાવવા રજુઆત



કમલ ચક્વર્તી

(પ્રતિનિધિ) રાધનપુર

રાધનપુર શહેરમાં ભાની પોળમાં છેલ્લા એક મહિનાથી મુંબઈ રહેતા જમીનમાલિકે પડતર જમીનમાં ખજાનાની શોધખોળ કરવા માટે પોતાની પડતર જમીનમાં ખોદકામ ચાલુ કર્યું છે,જે ખોદકામ એટલી હદે આડેધડ કરવામાં આવે છે કે આજુ-બાજુના મકાનોના પાયાને નુકશાન થઇ રહ્યું છે.અને રાત્રે મોદી રાત સુધી ખોદકામ ચાલુ રહેતા પોળના રહીશોને રહેવું મુશ્કેલ થઇ પડે છે.આ બાબતે જમીનમાલિકને જાણ કરતા પોતે ઊંચી પહોંચ ધરાવે છે,અને પોળના રહીશો સાથે અભદ્ર વ્યવહાર કરીને ધમકી આપીને ખોદકામ ચાલુ રાખેલ છે.જેથી પોળના રહીશોએ નગરપાલિકાના સત્તાધીશોને જાણ કરતા પાલિકા સત્તાધીશોએ હાથ અધ્ધર કરી દીધા હતા,અને અમે કોઈની માલિકીની જમીનનું ખોદકામ બંધ ના કરાવી શકીયે તેવો પોળના રહીશોને જવાબ આપતા છેવટે પોળના રહીશોએ ખોદકામ બંધ કરાવવા માટે પોલીસ તંત્રને લેખિતમાં રજુઆત કરીને બાંધકામ બંધ કરાવવા વિનંતી કરી છે.જો કે આ રજૂઆતની નકલ અને ખોદકામના ફોટા નગરપાલિકાના વૉટ્સએપ ગ્રુપમાં પણ મુકવામાં આવ્યા હતા,પરંતુ લોકોની સમસ્યાઓ હલ કરવા માટે ગ્રુપ બનાવ્યું હોવા છતાંય પાલિકાના એકપણ સદસ્ય કે અધિકારીએ આ લખાય છે ત્યાં સુધી કોઈ જ પગલાં ભર્યા નથી.પોલીસ તંત્ર પણ નજર નાખવા સુધ્ધાં આવ્યું નથી,જેના કારણે પોળના રહીશો હાલાકી ભોગવી રહ્યા છે.

## રાધનપુર-સાંતલપુર તાલુકામાં ટેન્ડરની જોગવાઈ



કમલ ચક્વર્તી

### મુજબ કામો ના થતા હોવાની રજુઆત

(પ્રતિનિધિ) રાધનપુર

રાધનપુર તાલુકાના પેદાશપુરા-બિસ્મિલ્લાગંજ રોડ ઉપર સો મીટરનો કોઝવે બની રહ્યો છે,આ ઉપરાંત સાંતલપુર તાલુકામાં અમરાપુર-ગડસઈ રોડ ઉપર બોક્સ કલવર્ટ,ઉંદરગઢા-નવાગામ વાંઢીયા રોડ ઉપર બોક્સ કલવર્ટ અને પ્રો-વોલ તેમજ જેકડા-કોલીવાડા રોડ ઉપર બોક્સ કલવર્ટના કામો સાવ હલકા પ્રકારના થઈ રહ્યાની જિલ્લા પંચાયતના સદસ્ય જગદીશભાઈ રાઠોડે જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિતમાં રજુઆત કરી છે.આ કામોની સ્થળ તપાસણી કરતા સદરહુ કામો ટેન્ડરની જોગવાઈ અનુસાર થતા નથી અને સદર કામગીરીમાં સ્ટીલ(લોખંડ) ખુબ જ ઓછા પ્રમાણમાં વાપરવામાં આવે છે.નાયબ કાર્યપાલક ઈજનેરની મિલીભગતથી કામમાં ગેરરીતિઓ થાય છે. આ કામો આંતરિયાળ વિસ્તારના હોવાથી તેના ઉપર કોઈ કર્મચારી કે અધિકારીઓનું સુપરવિઝન થતું નથી. આંતરિયાળ વિસ્તારનો લાભ લઈને અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી હલકા પ્રકારની કામગીરી કરવામાં આવે છે.અને સરકારશ્રીના નાણાંનો ખુલ્લેઆમ ભષ્ટ્રાચાર થઇ રહ્યો છે.આ બાબતે સ્થળ તપાસ કરીને જવાબદારો વિરુદ્ધ કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.

## બહુચરાજી ધામમાં આવેલ માનસરોવર ગંદકીથી ખદબદયુઃ યાત્રિકોમાં રોષ



ચાણસ્મા

યાત્રાધામ બહુચરાજીમાં મા બહુચરનું આદ્યસ્થાનક આવેલું છે. અહીં મા બહુચરના દર્શન માટે મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. હવે ચૈત્ર માસની શરૂઆત થવાના ગણતરીના દિવસો બાકી છે ત્યારે બાબરી તેમજ મેળાના પ્રસંગોએ લોકોની આવનજાવન તેમજ ધાર્મિક પ્રસંગોએ ભારે ભીડ જામનાર છે. મંદિરના પશ્ચિમ દિશા તરફ આવેલા માનસરોવરના કાંઠે ચૌલક્રિયા કરવાની પ્રથા છે અને માન સરોવરમાં હાલમાં ગંદકીના કારણે દુર્ગંધ મારે છે, ત્યારે તેની સ્વચ્છતા જળવાય અને તેમાં નિયમિત પાણી ભરવામાં આવે તે માટે ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવા ભક્ત-સમુદાય ઈચ્છી રહ્યો છે.

યાત્રાધામ બહુચરાજીમાં ચૈત્રી માસ દરમિયાન સરેરાશ ૫૦૦૦ કરતાં પણ વધારે બાબરીઓ ઉતરે છે. પ્રથમ પુત્રની પ્રાપ્તિ બાદ રાજ્યભરમાંથી અહીં બાબરી ઉતરાવવાની પ્રથા વર્ષોથી ચાલે છે. દર રવિવારે બાબરી પ્રસંગના કારણે મંદિર પરિસરમાં ભારે ભીડ અને ધર્મશાળાઓમાં પણ કિડિયારું ઉભરાય છે. આ સમયગાળા દરમિયાન મંદિર પરિસર તેમજ તેની આજુબાજુના વિસ્તારમાં નિયમિત સફાઈ થાય તે ખૂબ જ જરૂરી છે. ચૌલક્રિયાની તમામ વિધિ મંદિરની બાજુમાં આવેલા માનસરોવર પાસે કરવામાં આવે છે. હવે ધાર્મિક પ્રસંગને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે માન સરોવરની સફાઈ સમયસર કરવામાં આવતી નથી. તેવી શ્રદ્ધાળુઓમાં બૂમ ઉઠી છે. નિયમિત રીતે સમયાંતરે માન સરોવરમાં ચોખ્ખુ પાણી ભરવાની પણ માંગણી થઈ રહી છે. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા ચૈત્રી માસની શરૂઆત થાય તે પહેલાં શ્રદ્ધાળુઓની આ માગણી પ્રત્યે ઘટતું કરવાની જરૂર છે.

## બહુચરાજી- અંબાજી બસના રૂટમાં ફેરફારની હિલચાલ સામે મુસાફરોમાં રોષ

ચાણસ્મા

બહુચરાજી ડેપો સંચાલિત યાત્રાધામ અંબાજીને જોડતી લોકલ બસના રૂટમાં ફેરફાર કરવાની હિલચાલના પગલે આ વિસ્તારના લોકોએ વિરોધ નોંધાવી વર્તમાન રૂટમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ન કરવા રજુઆત કરવામાં આવી છે.

યાત્રાધામ બહુચરાજીથી યાત્રાધામ અંબાજીને જોડતી લોકલ બસ જે હાલમાં બહુચરાજીથી ૧૩-૩૦ કલાકે ઉપડી વાયા, ટોડા, બહુચર માતાજીના ધામ શંખ લપુર થઈને વાયા, ડોડીવાડા, આદીવાડા, મીઠી ધારીઆલ, મોઢેરા થઈ મહેસાણા ચલાવવામાં આવે છે. જેના કારણે આ રૂટ ઉપરના અંતરિયાળ ગામોને પણ અંબાજી જવા માટે સીધી બસનો લાભ મળી રહ્યો છે.

આ બસના રૂટમાં ફેરફાર કરી બહુચરાજીથી વાયા, સાપાવાડા થઈને ચલાવવા માગણી કરવામાં આવી છે. બહુચરાજીથી સાપાવાડા ગામ વચ્ચેનું અંતર આશરે ૧૦ કિમી છે અને ત્યાં થઈને આ બસ ચલાવવામાં આવે તો અંબાજી તરફ જવા પેસેન્જરોને વધારે ભાડું તેમજ સમયનો બગાડ થઈ શકે તેમ છે. પરિણામે આ રૂટમાં ટ્રાફિક મળવાની શક્યતા ખૂબ જ નહીવત છે. જેથી શંખલપુર, ડોડીવાડા, મીઠીધારીઆલ સહિતની ગ્રામ પંચાયતોએ એક લેખિત પત્ર પાઠવી એસટી વિભાગીય અધિકારી મહેસાણા અને ડેપો મનેજર બહુચરાજીને હાલના રૂટમાં કોઈપણ પ્રકારનો ફેરફાર નહીં કરવા માંગણી કરી છે. ત્યોર એસટી તંત્રએ આ રૂટમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ન કરવો જોઈએ તેવી લોક માંગણી છે.

## હારીજમાં બંધ મકાનની ગ્રીલ તોડી રૂા. ૪.૫૦ ની મત્તાની ચોરી

હારીજ

હારીજ- સ્ટેશન રોડ વાણીયા ચાલી ખાતે આવેલા મકાનમાં રૂા. ૪.૫૦ લાખની ઘરફોડ ચોરી અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ચલાવેલ છે. મકાન માલિક પટેલ આશાભાઈ મથુરભાઈ સામાજીક પ્રસંગે ગયા હતા. ત્યારે પાછળના દરવાજાની ગ્રીલ તોડી મકાનમાં પ્રવેશી સોના- ચાંદીના દાગીના સહિતની ચોરી કરી હતી.

જિલ્લા પોલીસ વડા અશ્વિનભાઈ ચૌહાણ સહિત ડોગ સ્કવોર્ડ, એફએસએસ હારીજ પોસઈ વી.વી. ત્રિવેદી, સેકન્ડ પી.એસઆઈ બારોટ વગેરેએ ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. તસ્કરો સોનાની બંગડી-૪, બુટ્ટી-૮, ચાંદીના વાસણો, ચાંદીના જુના સીક્કા, સહિત રૂા. ૪.૫૦ લાખની ચોરી થઈ હતી.